
# ગાંધીકથા

ઉમાશંકર જોશી



GJ
891.474
G 151 J

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૩૮૦૦૧૪

INDIAN INSTITUTE
OF
ADVANCED STUDY
LIBRARY, SHIMLA

# ગાંધીકથા

(ગાંધીસ્મૃતિ ટ્રસ્ટ આયોજિત ધો. ૮ માટેની ગાંધીદર્શન પરીક્ષા
માટેની ખાસ ટૂંકાવેલી આવૃત્તિ)

ઉમાશંકર જોશી

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૩૮૦ ૦૧૪

Library IIAS, Shimla
GJ 891.474 G 151 J
00130414

Acc. No. 130414
15-9-2010

૨૫ રૂપિયા

© સ્વાતિ ઉમાશંકર જોષી

પહેલી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦, જુલાઈ ૨૦૦૦
આઠમું પુનર્મુદ્રણ, પ્રત ૫,૦૦૦, જુલાઈ ૨૦૦૮
કુલ પ્રત : ૩૨,૦૦૦

ISBN 81-7229-268-6

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# કપૂરના દીવા

મહાત્મા ગાંધી પાસે બંગાળમાં કોઈએ સંદેશ માગ્યો ત્યારે એમણે બંગાળીમાં ચાર શબ્દો કહ્યા : 'આમાર જીવનઈ આમાર વાણી.' – મારું જીવન એ જ મારો સંદેશો છે. એટલે કે એઓ એમ ઇચ્છે છે કે એમના શબ્દો કરતાં એમનાં કાર્યોમાં, એમના આચરણમાં, એમનો જીવનસંદેશ શોધવામાં આવે. એમના જીવનના છૂટક છૂટક પ્રસંગો પર ધ્યાન કેન્દ્રિત કરવું અને એ પ્રત્યેકમાં પ્રગટ થતી એમના જીવનની કોઈ ને કોઈ વિભૂતિનો પરિચય કરવો, એ આશયથી 'ગાંધીકથા'ના આ ૧૨૫ પ્રસંગો રજૂ કર્યા છે. એક એક પ્રસંગ એ કપૂરનો દીવો છે. એ પૂરો થાય ત્યાં સુધીમાં ગાંધીજીએ જીવનભર ક્ષણે ક્ષણે કંડારીને નિર્મેલી એમની ભવ્યસુંદર જીવન-આકૃતિનું એક વિશિષ્ટ દર્શન કરાવતો જાય તો બસ.

અભય, સત્યપ્રિયતા, અહિંસા – એ દરેકને લગતા પ્રસંગો જુદા જુદા ગુચ્છમાં એકસાથે પણ આપી શકાય. પણ એક જ પ્રસંગ અભયનો પણ હોય અને અહિંસાનો પણ હોય, એટલે એ રીતે ગુચ્છ પાડ્યા નથી. સમયક્રમમાં પણ પ્રસંગો આપી શકાય. પણ એમ કરતાં વચ્ચે અમુક વરસોના ગાળામાં પ્રસંગો કેમ નથી એ જાતના સવાલો મનમાં જાગવાના, જે જરૂરી નથી કેમ કે સાલવાર સમગ્ર જીવન આપવાનો અહીં ખ્યાલ જ નથી. આથી પ્રસંગો જેમ લખાતા આવ્યા અને 'સંસ્કૃતિ'માં ૧૯૬૯ના શતાબ્દીવર્ષમાં જાન્યુઆરીથી ઑક્ટોબર સુધી પ્રગટ થતા ગયા એમ જ અહીં રજૂ કર્યા છે.

ગાંધીજી કોઈ પણ બનાવની હકીકતો માટે ખૂબ આગ્રહી હતા. હકીકત અંગે મેં કાળજી રાખવા પ્રયત્ન કર્યો છે.

પ્રસંગો માટે મેં બાપુજીનાં પોતાનાં લખાણોનો ઉપયોગ કર્યો છે. તે ઉપરાંત 'મહાદેવભાઈની ડાયરીઓ' ૧-૯, સદ્ગત રાવજીભાઈ પટેલનાં પુસ્તકો, શ્રી કાકાસાહેબ કાલેલકર અને શ્રી મનુબહેન ગાંધીનાં પુસ્તકો, પ્રભુદાસ ગાંધીકૃત 'જીવનનું પરોઢ', સદ્ગત રામદાસ ગાંધીનાં 'સંસ્મરણો' અને શ્રી શંકરલાલ બૅંકરકૃત 'ગાંધીજી અને રાષ્ટ્રીય પ્રવૃત્તિ' આદિનો મેં ઉપયોગ કર્યો છે, તે સૌ લેખકોનો હું ઋણી છું. એ સૌનાં તેમ જ ગાંધીજીનાં પુસ્તકોના પ્રકાશક – નવજીવન પ્રકાશન મંદિર – નો અને

સદ્‌ગત મહાદેવભાઈનાં કેટલાંક તથા શ્રી મનુબહેનનાં કેટલાંક પુસ્તકોના અન્ય પ્રકાશકોનો આ સ્થળે આભાર માનું છું. કેટલાક પ્રસંગો મને કેટલીક વ્યક્તિઓ પાસેથી મળ્યા છે. તેઓમાંથી શ્રી વિજયાબહેન પંચોળી, શ્રી પ્રભાવતીબહેન નારાયણ અને શ્રી મદાલસાબહેન નારાયણનો ખાસ આભાર માનવાની તક લઉં છું.

કુલપતિનિવાસ, ઉમાશંકર જોશી
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૩૮૦ ૦૦૯
ગાંધીજન્મશતાબ્દીદિન : ૨-૧૦-૧૯૬૯

---

## પ્રકાશકનું નિવેદન

ગાંધીજન્મશતાબ્દીવર્ષમાં સ્વ. શ્રી ઉમાશંકર જોશીએ તેમના 'સંસ્કૃતિ'માં જાન્યુઆરીથી શરૂ કરી ઑક્ટોબર સુધી ગાંધીજીના જીવનના સવાસો પ્રસંગો આલેખ્યા. આ પ્રસંગો 'ગાંધીકથા' તરીકે પુસ્તકાકારે પ્રસિદ્ધ થયા ત્યારે તેને કવિએ 'કપૂરના દીવા' તરીકે ઓળખાવ્યા છે.

'ગાંધીકથા' હાલમાં અપ્રાપ્ય હતું. ગાંધીસ્મૃતિ તરફથી લેવાતી ગાંધી જીવન પરિચયની પરીક્ષા માટે એ પુસ્તક ઉપલબ્ધ થાય તો સારું એવી વાત પરીક્ષાના સંયોજક શ્રી અંધારિયાએ રજૂ કરી. તે માટે જો લેખક તરફથી રજા મળે તો નવજીવન તેને પ્રસિદ્ધ કરશે એમ તેમને જણાવ્યું એટલે તેમણે શ્રી સ્વાતિબહેન ઉ. જોશીની રજા મેળવી આપી આ પ્રકાશનનું કામ સરળ કરી આપ્યું.

'ગાંધીકથા'ની આ આવૃત્તિ એ ૧૨૫ કપૂરના દીવાવાળી 'ગાંધીકથા' નથી. શ્રી અંધારિયાએ તેમાંથી ગાંધીસ્મૃતિ તરફથી લેવાતી પરીક્ષા માટેની આવૃત્તિ તૈયાર કરવાની દૃષ્ટિએ ૬૦ પ્રસંગો ચૂંટી કાઢ્યા છે. આમ, આ પુસ્તક મૂળ 'ગાંધીકથા'ની વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલી ખાસ આવૃત્તિ છે. શ્રી સ્વાતિબહેને આ પ્રસંગોને આ સ્વરૂપે પ્રસિદ્ધ કરવાની રજા આપી તે બદલ અમે તેમના આભારી છીએ.

ગાંધીસ્મૃતિ તરફથી લેવાતી પરીક્ષા માટે ખાસ તૈયાર કરેલી 'ગાંધીકથા'ની આ આવૃત્તિને સામાન્ય વાચક પણ આવકારશે એવી અમને આશા છે.

૧

નાનો મોહન અંધારામાં એકલો જતાં ગભરાય. એનું હૈયું ફડફડ થાય. જમણી તરફથી ભૂત આવશે અને ડાબી તરફથી પ્રેત આવશે એમ નાના બાળકને લાગ્યા કરે.

એક વાર એકલા અંધારામાં જવાનું હતું. મોહન જાય તો ને ? નાનો મોહન તો ગભરાવામાં શૂરો. પાસે ઘરની દાઈ રંભા ઊભી હતી. એણે ધીમેથી કહ્યું : ગભરાય છે શા માટે ? અંધારું હોય કે ગમે તે હોય, આપણે તો રામનું નામ બોલતા ચાલ્યા જઈએ; વાળ પણ વાંકો ન થાય. મોહન તરત આગળ વધ્યો. એની જીભે, જીભે જ નહીં, હૈયે રામનું નામ રમતું હતું.

તે દીથી મોહન નિર્ભય બનીને બધે વિચરવા લાગ્યો, જેને રામનો સંગાથ એને વળી શો ભો ?

રામનામના ઉચ્ચારથી મોહન એવો નિર્ભય બન્યો કે એણે ચાળીસ કરોડ હિંદીઓને – માનવીમાત્રને નિર્ભય બનીને જીવવાનો માર્ગ ચીંધ્યો.

છેલ્લી ઘડીએ પણ જીભ ઉપર એ જ શબ્દ હતો – રામ.

૨

સેવાગ્રામ આશ્રમ હજી નવો નવો શરૂ થયો છે. રૂ પીંજવું, સૂતર કાંતવું, – એના પાઠ લેવા, આસપાસનાં ગામડાંના નાના છોકરાઓ આવે છે. સાંજ પડ્યે બે પૈસા રળે પણ છે.

છોકરાઓ સવારે આવે ને સાંજે જાય. એક વાર, સૂવા જતાં પહેલાં, બાપુએ વિજયાને પૂછ્યું, પેલા છોકરાઓનું બપોરના

જમવાનું શી રીતે ચાલે છે ?

વિજયા બાપુનાં, બાનાં, પોતાનાં કપડાંની ડોલ ભરીને રોજ બપોરે કૂવા પર ધોવા જાય. છોકરાઓને પણ કૂવાકાંઠે જમવા આવવાનો એ જ વખત. એટલે એમના જમવા વિશે પોતે કંઈ જાણે છે. વળી પોતે કોઈ વાર એમને પૂછે પણ : શું ખાવાનું છે આજે ? છોકરાઓ જવાબ આપે : ભાખરી-શાક. આ બધું વિગતે વિજયાએ બાપુને જણાવ્યું.

બાપુએ પૂછ્યું : આપણે ત્યાં છાશ વધે છે ?

વિજયાએ કહ્યું : હા.

બાપુ : તો છોકરાઓને કાલથી છાશ આપજે.

વિજયાએ એ માથે લીધું.

ત્રણ દિવસ પછી બાપુએ સૂવા જતાં પહેલાં પૂછ્યું : વિજયા, પેલા છોકરાઓને છાશ આપે છે ને ?

વિજયા : બાપુ, હું એ ભૂલી ગઈ. મારી ભૂલ થઈ ગઈ.

બાપુ જરીક ખમચાયા. પછી વિજયાને વહાલથી કહે : ના, તું ભૂલી નથી ગઈ. તારો ભૂલવાનો સ્વભાવ નથી. મારું જે જે કામ તેં માથે લીધું છે તે તું રજેરજ સાવધાનીથી કરે છે. ફરવા નીકળું ત્યારે ચંપલ બરાબર લૂછેલાં – બરોબર ગોઠવેલાં હોય છે. પાસે લાકડી તેની જગાએ મૂકેલી હોય છે. ના, તારો સ્વભાવ ભુલકણો નથી. પણ કહું ? મારું તું નાનુંમોટું રજેરજ કામ કરે તેમાં ક્યાંય કશું ભૂલે નહીં, કેમ કે હું તો ‘મહાત્મા’ કહેવાઉં ને ? એવાનાં કામ તો જરીકે ભૂલ્યા વગર આપણે કરીએ. પણ આ તો નાનાં, અજાણ્યાં, છોકરડાં. એટલે એનું કામ ભુલાઈ જાય. પણ તને કહું છું કે મારું કામ ભુલાઈ જાય તો કશો જ વાંધો નહીં, આવાંઓનું કામ પૂરી કાળજીથી અને સંભાળથી કરીશને તો મને સૌથી વધુ સંતોષ થશે.

સેવાગ્રામ આશ્રમમાં એક છોકરો આમથી તેમ ફરે છે. વિજયાએ એને જોયો. નામ પૂછ્યું કામ પૂછ્યું.

'મારું નામ સોમો. સાબરમતી આશ્રમમાં હું પહેલાં રહેલો છું. હવે મારે અહીંના આશ્રમમાં રહેવું છે.'

વિજયા એને બાપુ પાસે લઈ જાય છે. બાપુએ એને ઓળખ્યો. સોમો હરિજન છોકરો છે. ભલે અહીં રહે. વિજયાને થોડીક સૂચના આપી. સાબરમતીમાં સોમો ક્યારેક કોઈ વસ્તુ ઉઠાવી પણ લેતો. એને કામ વગેરે સોંપવું અને એની સંભાળ રાખવી.

સોમો તો ફૈઝપુર અધિવેશનમાં ગયેલો ત્યાંથી હાથેપગે જ અહીં આવી પહોંચેલો. ચડ્ડીબંડી પહેરેલી એ જ. વિજયાએ એના જમવાની વ્યવસ્થા કરી. સૂવા માટે પોતાની પાસેથી શેતરંજી કાઢી આપી. માતા કસ્તૂરબાએ ઓઢવાનું આપ્યું.

એ દિવસે રવિવાર હતો. રવિવારે રાતે બાપુનું મૌન શરૂ થાય. સોમવાર સાંજ સુધી ચાલે. રાતે બાપુએ સૂવા જતાં પહેલાં જમીનથી બેત્રણ ફૂટ ઊંચે હાથ રાખી નાનકડો છોકરો એમ સૂચવી માથું હલાવી આંખથી એનું શું થયું એમ પૂછ્યું. વિજયાએ બધી વ્યવસ્થા થઈ ગઈ છે એમ વિગતો આપીને જણાવ્યું. બાપુએ એને ખભે હાથ મૂકી બીજો હાથ લંબાવી 'ચાલ !' એમ ઈશારો કર્યો. વિજયા ઘણુંયે કહે કે બાપુ જમાડી કરી બરોબર સુવાડ્યો છે પણ માને તો ને ? ગયા ને જોયું તો ઓસરીમાં બરોબર ઓઢી કરીને સોમો ઊંઘી ગયો છે.

બાપુ વિજયાને અંદરની ઓરડીમાં લઈ ગયા. એક ખીંટી ઉપર એક પોટલી લટકતી હતી ત્યાં જઈને ઊભા. ઈશારાથી કહે, એ ઉતાર, ખોલ.

પછી પોતે નીચે બેસીને એમાંથી કાંઈક શોધવા લાગ્યા. પોટલી બાપુનાં પોતાનાં વપરાયેલાં જૂનાં ધોતિયાં વગેરેની હતી. એમાંથી ગડીબંધ એક એક થપ્પી લીધી અને ઊઠ્યા. ઓસરીમાં આવી સોમાના મોં ઉપરથી ઓઢેલું ખસેડ્યું. સોમો ઘસઘસાટ સૂતો હતો. એનું માથું હળવેકથી ઊંચું કર્યું અને એના માથા નીચે પેલાં ગડીબંધ લૂગડાંનું ઓશીકું ગોઠવી દીધું અને સોમાને બરોબર ઓઢાડ્યું. પછી પોતે સૂવા ચાલ્યા ગયા.

સોમો ઘસઘસાટ ઊંઘતો હતો. એના આરામમાં એક મહાત્માનું કાળજીભર્યું વાત્સલ્ય ઓશીકારૂપે આવીને ગોઠવાયું હતું.

## ૪

૧૯૨૨માં ગાંધીજીને અંગ્રેજ સરકારે છ વરસની જેલની સજા કરી. અદાલતમાં એમણે કહ્યું હતું કે સરકારની દૃષ્ટિએ જે ગુનો છે તે માનવતાની દૃષ્ટિએ ધર્મ છે અને તે મેં બજાવ્યો છે. એની જે સજા હોય તે જરૂર કરો.

સજાના સમાચાર દેશમાં ચારે ખૂણે ફેલાઈ ગયા. દૂર દૂર બંગાળના એક ગામડાનો મુસલમાન પગી છાપામાં સમાચાર વાંચીને રડી પડ્યો. એના મકાનમાં હિંસક ક્રાન્તિમાં માનનારા શ્રી દત્ત રહેતા હતા. એમણે એને પૂછ્યું, ભાઈ, રડો છો કેમ ?

પગીના હાથમાં બંગાળી છાપું હતું. ગાંધીજીના મુકદ્દમાનો અહેવાલ એમાં હતો. એણે કહ્યું કે મારી જાતિના એક માણસને સજા થઈ છે. છ વરસની સજા. બુઢ્ઢો છે. ૫૩ વરસનો. જુઓ આ છાપું.

છાપામાં આપ્યું હતું કે ગાંધીજીએ પોતાનો ધંધો ખેતીનો અને વણકરીનો આપ્યો હતો. મુસલમાન પગી જાતનો વણકર હતો

એટલે એને પોતાની જાતિનો માણસ જેલમાં ગયાનું લાગ્યું.

શ્રી દત્ત પોતાનાં સંસ્મરણોમાં લખે છે : 'અમે ક્યાંના ક્રાન્તિકારી ? ક્રાન્તિકારી તો ગાંધીજી છે. સારા દેશ સાથે તે એકરૂપ થયા છે. હું ખેડૂત છું, વણકર છું, એ એમનો ઉદ્‌ગાર દેશભરમાં પહોંચી ગયો હોવો જોઈએ. કરોડોને લાગ્યું હશે કે અમારામાંથી જ કોઈ જેલમાં ગયું, જનતાથી જે એકરૂપ થયો, જનતાથી જેણે સંપર્ક સાધ્યો તે દેશને મુક્ત કરી શકે. એ સાચા મહાન ક્રાન્તિકારીને પ્રણામ.'

## ૫

બાપુના ડિલ ઉપર પહેરણ પણ નથી એ જોઈ એક નાનકડા વિદ્યાર્થીએ એમને પૂછ્યું, બાપુ, તમે શરીર પર પહેરણ કેમ પહેરતા નથી ?

બાપુ કહે : મારી પાસે પૈસા ક્યાં છે ?

વિદ્યાર્થી : હું મારી માને કહું છું, તે આપને પહેરણ સીવી આપશે. પછી પહેરશો ને ?

બાપુ : કેટલાં સીવી આપશે ?

વિદ્યાર્થી : તમારે કેટલાં જોઈએ ? એક... બે... ત્રણ...

બાપુ : હું કાંઈ એકલો છું ? મારા એકલાથી પહેરાય ?

વિદ્યાર્થી : ના એકલાથી તો ન પહેરાય. તમારે કેટલાને માટે જોઈએ ?

બાપુ: મારે તો ચાળીસ કરોડ ભાઈભાંડુ છે. તારી માતા એ બધાંને માટે સીવી આપશે ? એમની પછી મારો વારો આવે.

વિદ્યાર્થી વિમાસણમાં પડી ગયો. નિર્દોષ બાળક પ્રેમથી બાપુને પહેરણ આપવા ગયો. એના કુમળા હૃદયને બાપુએ વિશ્વકુટુંબભાવની દીક્ષા આપી.

આટઆટલાં કામ વચ્ચે પણ બાપુ દરરોજ સવારમાં એક એક કલાક અચૂક ફરવા જાય. પોતાના રાજકીય ગુરુ તરીકે જેમને પોતે માનતા તે ગોખલેજી ફરવા ન જતા અને એમની તબિયત જેમતેમ રહેતી એ વિશે બાપુ અદબપૂર્વક અણગમો પણ બતાવતા.

આશ્રમમાંથી ફરવા નીકળે ત્યારે એમની સાથે અનેક લોકો હોય. કોઈ ખાસ વાત કરવા સમય માગે તો એને વહેલી સવારનો ફરવા જવાનો સમય પણ મુલાકાત માટે આપે. ચાલતા જાય અને વાતો કરતા જાય.

પણ બાળકોનો હક બાપુ ઉપર સૌથી પહેલો. બાપુ એમની સાથે તોફાને પણ ચડે.

એક વાર એક તોફાનિયાએ પૂછ્યું : બાપુ, એક વાત પૂછું !

બાપુએ હા કહી એટલે જરીક આગળ નીકળીને સામે જોઈ બોલ્યો : અહિંસાનો અર્થ એ જ ને કે બીજાને દુ:ખ ન દેવું ?

બાળકે ઠાવકા રહી સવાલ પૂછ્યો હતો.

બાપુએ કહ્યું, બરોબર.

બાળકે તરત એમને પકડ્યા : તો પછી હસતાં હસતાં અમને ગાલે ચીમટી ભરો છો તે હિંસા કહેવાય કે અહિંસા ?

બાપુ બોલ્યા: ઊભો રહે, શેતાન નહીં તો ! અને એને પકડીને જોરથી ચીમટી ભરી.

બધા બાળકો હસતા હસતા તાળી બજાવવા લાગ્યા : બાપુને ખીજવ્યા ! બાપુને ખીજવ્યા !

પણ બધામાં સૌથી મોટું ખડખડાટ હાસ્ય તો બાપુનું સંભળાતું હતું.

## ૭

એક મોટા માણસને ત્યાં ગાંધીજી ઊતરેલા. સાંજની પ્રાર્થનાનો સમય હતો. ઘણા લોકો પ્રાર્થનામાં એકઠા થયેલા. પ્રાર્થના શરૂ કરવાનો વખત થયો. ગાંધીજીએ સૂચના આપી, દીવો બંધ કરો.

વીજળી-દીવાની ચાંપ ઘરના માલિક બેઠા હતા તેમની ઉપર જ હતી. માલિકે રોજની ટેવ મુજબ નોકરને હાક મારી.

પણ આ શું થયું ? ગાંધીજી સડપ દઈને ઊભા થયા અને દીવો બંધ કર્યો. પ્રાર્થના શરૂ થઈ.

પ્રાર્થના પછી રોજની જેમ પ્રશ્નોત્તર ચાલ્યા. કાંતણકામ વિશે કોઈનો સવાલ હતો. જવાબમાં ગાંધીજીએ ગીતાનો ઉલ્લેખ કરીને કહ્યું કે જેઓ યજ્ઞાર્થે કર્મ કરતા નથી તેઓ ચોર છે.

પ્રાર્થના પછી લોક વિખેરાયું. ખૂણાના ટેબલને કોઈનો ધક્કો લાગ્યો અને એની ઉપરનું સુશોભિત વાસણ ગબડી પડ્યું અને ટુકડેટુકડા થઈ ગયું.

અરે પણ આ શું ? ઘરમાલિક પોતે દોડીને ત્યાં પહોંચી ગયા છે અને ટુકડાઓ વીણીને ભેગા કરવા લાગ્યા છે. નોકરને હાક મારવાની ટેવ ક્યાં ગઈ ? એક ઘડીમાં આ પરિવર્તન શું ?

એમના મહાન અતિથિના આચરણે આ કીમિયો કર્યો હતો.

## ૮

નાનો મોહન નિશાળ છૂટે એટલે ઘેર ભાગે. આસપાસ જુએ જ નહીં ને ? એને એમ કે 'કોઈ મારી મશ્કરી કરશે તો ?' નિશાળ ઊઘડે એટલે પહોંચી જવું, છૂટે એટલે ઘર ભેગા થઈ જવું – એ રોજનો ક્રમ. સ્વભાવ અતિશય શરમાળ. કામ સાથે જ કામ. ન કોઈ મિત્ર, ન કોઈની સાથે વાતચીત કરવાની.

શિક્ષક પ્રત્યે આદરભાવ રાખે. શિક્ષકને છેતરવાની તો વાત જ પછી કેવી ?

હાઈસ્કૂલમાં પરીક્ષા હતી. ઇન્સ્પેક્ટર જાઈલ્સ શાળાની તપાસે આવેલા. તેમણે વિદ્યાર્થીઓને પાંચ અંગ્રેજી શબ્દો લખાવ્યા Kettle (કેટલ) શબ્દની જોડણી મોહને ખોટી લખી. શિક્ષકે બૂટની અણી મારી એને ચેતવ્યો. પણ એ ચેતે તો ને ? એને કેમે એ મનમાં ન વસ્યું કે શિક્ષક બીજા વિદ્યાર્થીની પાટીમાંથી જોઈ લઈને જોડણી સુધારવાનું કહે. એને તો એમ કે શિક્ષક તો વિદ્યાર્થીઓ એકબીજામાંથી ચોરી કરતા નથી ને એ જોવા માટે ફરતા હતા.

બધા વિદ્યાર્થીઓના પાંચેપાંચ શબ્દ સાચા પડ્યા. આપણા મોહનભાઈ એકલા ઠોઠ ઠર્યા.

પાછળથી શિક્ષકે મોહનને એની 'મૂર્ખાઈ' સમજાવી. પણ એ તો કહે છે : 'મારા મન ઉપર તે સમજૂતીની કશી અસર ન પડી. મને બીજા છોકરાઓમાંથી ચોરી કરતાં કદી ન આવડ્યું.'

૯

પ્રવાસમાં ગાંધીજી એક આશ્રમ-શાળામાં ગયા હતા. વરસાદ વરસતો હતો. સવારે બાળકોને આવતાં મોડું થયું. ગાંધીજીને બીજે જવાનું હતું. બાળકો સાથે થોડીક મિનિટો જ મળી.

ગાંધીજીએ વાત શરૂ કરી : તમે બધા કાંતો છો અને ખાદી પહેરો છો. પણ મને કહો કે તમારામાંથી કેટલા હંમેશાં સાચું બોલો છો, એટલે કે ક્યારેય જૂઠું બોલતા નથી.

થોડાક બાળકોએ હાથ ઊંચા કર્યા.

ગાંધીજીએ બીજો સવાલ કર્યો : સારું, તો હવે અવારનવાર જેઓ જૂઠું બોલતા હોય તેવા કેટલા છે ?

બે બાળકોએ તરત હાથ ઊંચા કર્યા.

પછી ત્રણે....

પછી ચાર જણાએ....

પછી તો હાથ જ હાથ દેખાઈ રહ્યા. લગભગ બધા બાળકોએ હાથ ઊંચા કર્યા હતા.

ગાંધીજીએ એમને કહ્યું : પોતે અવારનવાર જૂઠું બોલે છે એમ જે બાળકો જાણે છે અને કબૂલ કરે છે તેમને માટે હંમેશાં આશા છે. જેઓ એમ માને છે કે પોતે કદી જૂઠું બોલતા નથી, તેમનો રસ્તો કઠણ છે. બંનેને હું સફળતા ઇચ્છું છું.

અને એમણે બધાની વિદાય લીધી.

## ૧૦

કોઈએ ગાંધીજીની આગળ તેમની સહી મેળવવા સ્વાક્ષર-પોથી (ઑટોગ્રાફ-બુક) ધરી. એમણે એનાં પાનાં ફરફરાવ્યાં. એક ઠેકાણે દુનિયાના મહાન ક્રિકેટ ખેલાડીઓની એમ.સી.સી. ટુકડીના સભ્યોની હારબંધ સોળેક સહીઓ હતી. તે આંકડો આગળ ચલાવી, તે હારમાં છેલ્લે પોતાની સહી ગાંધીજીએ કરી દીધી.

ગાંધીજી પણ ખેલાડી તો ખરા ને ?

હિંદના મહાન ક્રિકેટ ખેલાડી પટોડીના (તે વખતના) નવાબ એક વાર એમને મળવા ગયેલા. ગાંધીજી કહે કે ક્રિકેટમાં આપણે બે જણા એકલા સામસામા રમીએ. આ જાતનો પડકાર ફેંકવાનો પોતે નિર્ણય કર્યો છે એમ નવાબને એમણે કહ્યું.

પટોડીના નવાબે કહ્યું : પણ એક શરતે. મૅચ પૂરી થાય એટલે પછી રાજકારણમાં હું તમને પડકારું એની આપ રજા આપો.

ગાંધીજી કબૂલ થયા.

પટોડીના નવાબ ગંભીર વદને કહે : જુઓ, ક્રિકેટમાં તમે મને

સજ્જડ હાર આપવાના છો એ હું ખાતરીપૂર્વક જાણું છું, પણ સાથે મને પૂર્ણ વિશ્વાસ છે કે રાજકારણમાં હું તમને સજ્જડ હાર ખવરાવીશ.

ગાંધીજી બાળકની જેમ ખુશખુશાલ હસી પડ્યા અને નવાબનો બરડો થાબડીને બોલ્યા : નવાબ સાહેબ, આપને તો અભી સે મુઝે બોલ્ડ કર દિયા. (તમે તો અત્યારથી જ મારી વિકેટ ખખડાવી દીધી.)

## ૧૧

રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલના હેડમાસ્તર ગીમી સાહેબે ઉપલા વર્ગોના વિદ્યાર્થીઓ માટે રમતો રમવાનું ફરજિયાત કર્યું. નાનો મોહન રમતગમતમાં ભાગ લેતો નહીં. પણ હવે રમતોમાં જોડાવા લાગ્યો.

એક દિવસ હેડમાસ્તરે બોલાવ્યો : કેમ શનિવારે સાંજે રમતમાં ગેરહાજર રહ્યો હતો ?

મોહને કહ્યું કે પોતે આવ્યો તો હતો પણ ત્યારે રમતના મેદાન ઉપર કોઈ નહોતું.

'મોડો કેમ આવ્યો ?' હેડમાસ્તર ત્રાડ્યા.

મોહને ખુલાસો આપ્યો કે પોતાની પાસે ઘડિયાળ ન હતી અને વાદળવાળો દિવસ હોઈ ચોક્કસ સમયનો ખ્યાલ રહ્યો નહીં.

હેડમાસ્તરને આ બધાં બહાનાં લાગ્યાં હોય તો એ સમજી શકાય એવું છે. એમણે મોહનનો આનો-બે આના દંડ કર્યો. મોહનને લાગી આવ્યું : હું ખોટો ઠર્યો. 'હું ખોટો નથી' – એ શી રીતે સાબિત કરવું. કશો ઉપાય ન રહ્યો. મનમાં ને મનમાં એ સમસમી રહ્યો. રોયો.

નાના મોહને એ દિવસે મનમાં ગાંઠ વાળી કે આપણે સાચા હોઈએ એટલું જ પૂરતું નથી, સાચ આચરવા મથનારે ગાફેલ રહેવું ન જોઈએ.

રમતના મેદાન ઉપરથી જીવનની મહાન રમત માટેનો એક નિયમ નાનકડા કિશોરે તારવ્યો તે એને જિંદગીભર કામ આપતો રહ્યો.

## ૧૨

ગાંધીજી સવારે વહેલા ઊઠે. ઊઠીને મોં ધોવાનું અને દાતણ કરવાનું. તે માટે પાણીની નાની લોટી અને પિકદાની પથારી પાસે જ રાખેલાં હોય તે વડે ત્યાં જ પતાવે.

મોહનલાલ પંડ્યા કહે : બાપુ, પાણીનો તોટો છે ? આ સાબરમતી વહી જાય છે. પાણીની કરકસર શું કરવા કરતા હશો ?

ગાંધીજીએ એમને સામેથી પૂછ્યું: મારું મોં તમને બરાબર સાફ થયેલું લાગે છે કે નહીં એ કહો ને !

પંડ્યાજી કહે : એ તો છે જ ને !

ગાંધીજી : તો પછી વાંધો ક્યાં છે ? તમે લોટેલોટા પાણી વાપરો છો, પણ પલળેલા હાથ વડે મોં પર પાણી ચોપડો છો. હું પાણી વડે મોં બરોબર સાફ કરું છું. આટલું પાણી પૂરતું છે.

પંડ્યાજી : પણ નદીમાં આટઆટલું પાણી છે, ને....

ગાંધીજી : નદીનું પાણી કોને માટે છે ? મારા એકલા માટે છે ?

પંડ્યાજી : સૌને માટે છે. આપણે માટે પણ છે....

ગાંધીજી : બરોબર, નદીનું પાણી સૌ પશુ, પંખી, માણસ, જીવજંતુ સૌને માટે છે. મારા એકલા માટે નથી. મારા ખપ પૂરતું જરૂર લઉં. પણ વધારે લેવાનો મને હક નથી. સહિયારી મિલકતમાંથી ખપ કરતાં વધારે આપણાથી લેવાય ?

## ૧૩

એક વાર એક સાથીને હાથમાં ઢેફું લઈને આવતા જોઈ ગાંધીજીએ પૂછ્યું :

'ઢેફું કેમ લાવ્યા ?'

'લોટો ધોવા !' પેલા ભાઈએ જવાબ આપ્યો.

'આટલું મોટું ?'

'મોટું હતું તે મોટું લાવ્યો.'

'એ બધાથી ધોશો ? વધશે એનું શું કરશો ?'

'ત્યાં પડ્યું હતું એવું અહીં પડ્યું રહેશે.'

'ત્યાં તો એને ઠેકાણે પડ્યું હતું. અહીં કચરો કરશે. એક તો તમે કચરો કરશો એ ભૂલ અને બીજી ભૂલ તે એ કે તમે જીવવા વિશે વિચાર કરવાની ટેવ કેળવતા નથી એ.'

સાથી વિચારમાં પડી ગયા. મહાન જીવન એ નાની નાની વિગતોનો જ સરવાળો હોય છે. ગાંધીજીએ એમને કચરાની પોતાની વ્યાખ્યા સમજાવી. સોનાની લગડી તિજોરીને બદલે ઘરમાં હડફેટે આવે એમ પડી હોય તો તે કચરો ગણાય. કચરો એટલે કોઈ પણ ચીજ તેની યોગ્ય જગાએ ન હોય તે.

## ૧૪

નાનો મોહન માની સેવામાં ખડે પગે રહે, માતા પૂતળીબાઈ સાધ્વી સ્ત્રી હતાં. પૂજાપાઠ કરે, પછી જ જમે. ચાતુર્માસમાં એકટાણાં કરે. કઠણમાં કઠણ વ્રત આદરવાં ને પાર પાડવાં એ એમને રમત વાત. માંદાં પડે તોપણ વ્રત ન છોડે. બેત્રણ સામટા ઉપવાસ કરવા એ એમને સહેજ વાત. એક ચોમાસામાં એમણે એવું વ્રત આદર્યું કે સૂર્યનારાયણનાં દર્શન કર્યા પછી જ જમાય. નાનાં

બાળકો બહાર ઊભાં રહે ને આકાશનાં વાદળાં સામે તાકી રહે – ક્યારે સૂરજ દેખાય ને ક્યારે માતા જમવા પામે. પણ ચોમાસામાં તો સૂર્યનારાયણનાં દર્શન ઘણી વાર દોહ્યલાં થઈ પડે. જરીક વાદળમાંથી દેખા દે કે મોહન બા પાસે વધાઈ ખાવા દોડે : 'બા, બા, સૂરજ દેખાયો.'

માતા પૂતળીબાઈને બાળકો ઉતાવળે ઉતાવળે બહાર લઈ આવે ત્યાં તો સૂરજદાદા ભાગી ગયા હોય. મોહનનાં ને બીજાં બાળકોનાં મોં જરીક વિલાઈ જાય. પણ માતા પૂતળીબાઈ તો પ્રસન્ન મનથી એમને કહે : 'કંઈ નહીં, આજે નસીબમાં ખાવાનું નહીં હોય.'

માતા ઘરમાં પાછી જાય અને પોતાનાં અખૂટ કામોમાં હોંશભેર ગૂંથાઈ જાય.

આ સાધ્વી માતાના સહજ તપસ્વીજીવનની છાપ બાળક મોહનના હૃદય ઉપર હમેશ માટે અંકાઈ ગઈ. ધર્મજીવનના પ્રથમ પાઠ મા પાસેથી એને મળ્યા. આચારનિષ્ઠા અને પ્રસન્ન તપોજીવન અંગે મા એનાં ગુરુ બન્યાં.

## ૧૫

દક્ષિણ આફ્રિકામાં ફિનિક્સ આશ્રમ સ્થાપ્યો ત્યાં બાપુજી બાળકોની શાળા પણ ચલાવતા. બાળકોને ખરી કેળવણી મળે, ખોટી નહીં, એ માટે એમના પ્રયાસો રહેતા.

પરીક્ષાના ગુણ આપવામાં બાપુજીની પદ્ધતિ આગવી જ રહેતી. એક જ જાતના સવાલ બધાને પૂછવામાં આવ્યા હોય. એક જ વર્ગના વિદ્યાર્થી હોય. અને તેમ છતાં જેણે વધુ સારા જવાબો લખ્યા હોય એને ઓછા ગુણ મળે અને જેણે ઓછા સારા જવાબ લખ્યા હોય એને તેઓ વધુ ગુણ આપે.

આથી બાળકો અકળાય. બાપુજી એમને કળે કળે સમજણ આપે: 'અમુક વિદ્યાર્થી કરતાં અમુક વિદ્યાર્થી હોશિયાર છે એવો આંક મારે નથી મૂકવો. મારે તો એ જોવું છે કે દરેક જણ પોતે છે તેના કરતાં કેટલો વધુ સુધર્યો છે. હોશિયાર છોકરો ઠોઠ છોકરાની સાથે પોતાને સરખાવ્યા કરે અને ગુમાન કરતો ફરે તો એની બુદ્ધિ બુઠ્ઠી થઈ જાય. તે ભણવામાં ઓછી મહેનત કરે. અને જે આગળ ન વધે તે છેવટે પાછો જ પડે. જે વધુ મહેનતથી અને પૂરી ચીવટથી કામ કરશે તેને જ હું વધુ ગુણ આપવાનો.'

વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થી પણ ચાલુ પ્રગતિ કરતો રહે છે કે કેમ એની ઉપર બાપુજીની નજર હતી. બીજા ઓછા હોશિયાર વિદ્યાર્થીઓથી વધુ ગુણ મળવાથી એ ફુલાતો ફરે એમાં એનું શું વળે ? – આ વાત તેઓ એના મન પર ઠસાવતા. અને જે ઓછો હોશિયાર વિદ્યાર્થી હોય તે એક વખત ઓછા ગુણ ભલે લાવ્યો, પણ પછી મહેનત કરીને વધુ લાવે તો એણે જે પ્રગતિ કરી તેને માટે એની પીઠ થાબડવા વત્સલ બાપુ તૈયાર ઊભા હતા.

બીજાની સાથે હરીફાઈમાં પોતાને ઊંચા કે નીચા જોવામાં નહીં, પણ પોતે છીએ ત્યાંથી ખરેખર આગળ કેટલા વધીએ છીએ તે જોવામાં ખરી કેળવણી રહેલી છે તે બાપુજીએ પરીક્ષાની પદ્ધતિમાં એક નાનકડો પણ મહત્ત્વનો ફેરફાર દાખલ કરીને સૌને સમજાવ્યું.

## ૧૬

ફિનિક્સની શાળામાં બાળકોને નિબંધ લખવાનું કહેવામાં આવ્યું. વિષય હતો : 'પહેલો સત્યાગ્રહી કોણ ?'

કોઈને લાગ્યું કે થંબી નાયડુ પહેલો સત્યાગ્રહી. એણે દક્ષિણ આફ્રિકાની લડતમાં મોખરાનો ભાગ ભજવ્યો હતો.

બીજાને થયું, ના,.ના, પહેલા સત્યાગ્રહી તો બાપુજી પોતે.

કોઈ ત્રીજાએ વળી દેશવટામાં મરી ગયેલા નારણસ્વામીને પહેલા સત્યાગ્રહી ઠેરવ્યા.

નિબંધો તપાસાઈને પાછા મળ્યા. 'ઠીક છે' એવું પ્રમાણપત્ર પણ મળ્યું.

પણ બાપુજીએ તો બધાયને નાપાસ ઠેરવ્યા.

બધાનાં મન વિચાર-ચકડોળે ચઢી ગયાં. તો પછી, પહેલો સત્યાગ્રહી કોણ હશે એવો ?

બાપુજીએ બધાને કહ્યું : 'પહેલો સત્યાગ્રહી આપણો થંબી નાયડુ નહીં, પણ ભક્ત પ્રહ્‌લાદ.'

એટલે કે બાપુજી કાંઈ નવું કહી રહ્યા ન હતા. માત્ર, પોતાની પૂર્વે જે મહાન સત્યાગ્રહીઓ થઈ ગયા તેમને પોતે અનુસરી રહ્યા હતા. એક વાત બાપુજી જીવનભર ભારપૂર્વક કહેતા : મારે કાંઈ નવું કહેવાનું નથી. સત્ય અને અહિંસા પર્વતો જેટલાં પુરાણાં છે. અલબત્ત, માનવજીવનના અત્યારના સંદર્ભમાં પોતે સત્ય અહિંસાને આચારમાં ઉતારી બતાવતા હતા – જીવી બતાવતા હતા. એ એમની મૌલિકતા અનોખી હતી.

## ૧૭

એક વાર કચરાપેટીનાં કાગળિયાંમાં પ્રભાવતીબહેન કાંઈ શોધી રહ્યાં હતાં. માતા કસ્તૂરબાએ એમને જોયાં. પાસે જઈને પૂછ્યું : બે'ન, શું કરે છે ?

પ્રભાવતી : બા, એક લીલો નાનો કાગળ શોધું છું.

બા : શાનો કાગળ છે તે આટલી બધી શોધખોળ કરવા માંડી છે ? કશા લખાણનો છે ?

પ્રભાવતી : ના, પ્રકાશ આંખ પર ન આવે તે માટે ફાનસના

દીવા આડે રાખવાનો નાનકડો લીલો કાગળ છે. બાપુનો છે. ફાનસ સાફ કરવા જતાં મારાથી પડી ગયો. અહીં હશે માનીને શોધું છું.

બા તો ગયાં સીધાં બાપુ પાસે. બાપુ સાથે લડવા ઝઘડવાનો એમનો અધિકાર. તરત જ એમણે તો બાપુજીને લીધા : આ શું બિચારી નાનકડી છોકરીને હેરાન કરવા માંડી છે ? ક્યારની એક કાગળના નાનકડા કકડા માટે એ શોધાશોધ કરી રહી છે !

બાપુ : નાનો છે એ વાત સાચી. પણ તેથી એ કાંઈ કામનો મટી જતો નથી. એ એને સ્થાને અત્યંત કામનો હતો. એને નાખી દેવાની જરૂર ? શોધીને એની જગ્યાએ મૂકવો જ જોઈએ તો. છો ને શોધતી. સારું કરે છે.

પ્રભાવતીને કાગળ જડ્યો. એની જગાએ મુકાયો. વાતાવરણની પ્રસન્નતા ખૂબ વધી ગઈ.

## ૧૮

એક મિત્રની સંગતે નાના મોહનને અને મોટા ભાઈને માંસાહારને રસ્તે ચઢાવ્યા. સ્વાદ ખાતર કે શોખ ખાતર મોહનને માંસાહાર નહોતો કરવો. પણ માંસાહાર વડે મજબૂત બનવું અને પરદેશીથી દબાવું નહીં, અંગ્રેજોને હરાવી સ્વતંત્ર થવું, એવું એના મનમાં હતું. પણ વૈષ્ણવના સંસ્કાર. માંસ ખાતાં ખાધું, પણ આખી રાત કેમ જાણે શરીરમાં બકરું જીવતું હોય ને રુદન કરતું હોય એમ ભણકારા વાગ્યા કર્યા. તેમ છતાં વરસેક પ્રયોગ ચાલ્યો અને પાંચછ વાર માંસાહાર કર્યો. એવા દરેક પ્રસંગે ઘેર ‘ભૂખ નથી’ – એમ જૂઠું બોલવું પડે એ મોહનને માથાના ઘા સમું લાગે. આ જૂઠું, તેય માની સામે ! – એમ જીવ વલોવાય. માતાપિતાને છેતરવાં અને જૂઠું બોલવું એ માંસ ન ખાવા કરતાંયે ખરાબ છે એમ મનમાં વસ્યું.

તેમના મૃત્યુ પછી સ્વતંત્ર થયે ખુલ્લી રીતે માંસાહાર કરવો, ત્યાં સુધી એનો ત્યાગ કરવો, – એવો નિર્ણય મિત્રને જણાવ્યો અને માંસાહારમાંથી છૂટ્યા.

બીજા એક સગાની સંગતે બીડી ફૂંકવાનો શોખ લાગ્યો. પહેલાં તો ઠૂંઠાં વીણીને ફૂંકવા માંડ્યાં. કેવળ ધુમાડા કાઢવામાં જ કંઈક મજા છે એવું એમને એ વખતે લાગતું. એક છોડની ડાંખળીઓમાંથી ધુમાડો નીકળતો, તે અજમાવી જોઈ. ચાકરોની ગાંઠે પૈસા બે પૈસા હોય તે ચોરવા માંડ્યા. આવા કામ માટે પૈસા ન મળે તેથી વડીલોની જોહુકમી સાલવા લાગી. કંટાળીને આપઘાત કરવા સુધ્ધાંનો નિર્ણય કર્યો. એક છોડનાં બીજ ઝેરી ગણાય છે તે ખાવા માટે દેવદર્શન કરીને ગયા. પણ હિંમત ન ચાલી, મોતનો ડર લાગ્યો, દેવદર્શન કરી શાંત થઈ પાછા ઘેર આવ્યા.

આ ચોરીના દૂષણમાંથી પણ બચ્યા પિતૃભક્તિની મદદથી, પિતાને છેતરાય નહીં એવા પોતાના મનના આગ્રહથી. માંસાહારી ભાઈને પચીસેક રૂપિયાનું દેવું થયું હતું. તે કેમ પતાવવું એ બંને ભાઈઓ માટે પ્રશ્ન હતો. ભાઈને હાથે સાવ સોનાનું કડું હતું. તેમાંથી તોલો સોનું કપાવી કરજ ચૂકવ્યું.

પરંતુ નાનો મોહન દિલથી બેચેન હતો. હવેથી ચોરી ન કરવાનો સંકલ્પ કર્યો. પણ એટલું પૂરતું ન હતું. પાછલી ભૂલો પિતાજી પાસે કબૂલ કરવી જ જોઈએ એમ એને સમજાયું. કેમે કરી જીભ ઊપડે નહીં. પિતાજી રોષે ભરાશે તો ? મારશે તો ? તેઓ પોતાને સજા કરશે તો ? પણ ક્ષમા માગ્યા વગર હૃદય શાંત થાય એમ ન હતું. ચિઠ્ઠી લખી ધ્રૂજતે હાથે પિતાજીના હાથમાં મૂકી. બધો દોષ કબૂલ કર્યો, સજા માગી પોતે દુ:ખી ન થાય એવી આજીજી કરી અને ભવિષ્યમાં ફરી આવો દોષ ન કરવાની પ્રતિજ્ઞાની જાણ કરી.

પિતાજીએ ચિઠ્ઠી વાંચી. એમની આંખમાંથી મોતીબિંદુ

ટપક્યાં. ચિઠ્ઠી ભીંજાઈ. ક્ષણવાર આંખ મીંચી તેમણે એ ફાડી નાખી. વાંચવા માટે જરાક બેઠા થયા હતા તે પાછા સૂતા.

મોહનની આંખમાં પણ આંસુ ઊભરાયાં. મોટપણે પોતે લખે છે: 'એ મોતીબિંદુનાં પ્રેમબાણે મને વીંધ્યો. હું શુદ્ધ થયો. એ પ્રેમ તો જેણે અનુભવ્યો હોય તે જ જાણે.... મારે સારુ આ અહિંસાનો પદાર્થપાઠ હતો.... હું જાણું છું કે મારા એકરારથી પિતાજી મારે વિશે નિર્ભય થયા ને તેમનો મહા પ્રેમ વૃદ્ધિ પામ્યો.'

## ૧૯

બાની તબિયત ખૂબ કથળી હતી. માંડ બચ્યાં હતાં. રોગે ફરી ઊથલો માર્યો. બીજા ઉપચારો કામ ન આવ્યા એટલે બાપુજીએ પોતાના નિસર્ગોપચારની વાત મૂકી. મીઠું અને કઠોળ છોડવા બાને વીનવ્યાં. ટેકામાં જાણકારોનાં લખાણો વંચાવ્યાં, સમજાવ્યાં, પણ બા માને નહીં.

બાથી કહેવાઈ ગયું : 'કઠોળ અને મીઠું છોડવાનું તો તમને કોઈ કહે તો તમે પણ ન છોડો.'

સાંભળીને બાપુને દુ:ખ થયું, પણ મારો પ્રેમ ઠાલવવાનો આ પ્રસંગ છે એમ સમજાતાં હર્ષ પણ થયો. બોલ્યા : 'જા મેં તો એક વર્ષને સારુ કઠોળ અને મીઠું બંને છોડ્યાં. તું છોડે કે ન છોડે એ નોખી વાત છે.'

બાને ભારે પશ્ચાત્તાપ થયો તે બોલી ઊઠ્યાં: 'મને માફ કરો. તમારો સ્વભાવ જાણતાં છતાં કહેતાં કહેવાઈ ગયું. હવે હું તો કઠોળ ને મીઠું નહીં ખાઉં. પણ તમે તો તમારું વેણ પાછું ખેંચી લો. આ તો મને બહુ સજા કહેવાય.'

બાપુ : 'તું કઠોળ મીઠું છોડશે તો બહુ જ સારું. મારી ખાતરી

છે કે તેથી તને ફાયદો જ થશે. પણ લેવાયેલી પ્રતિજ્ઞા મારાથી ફેરવાય નહીં. મને તો લાભ જ થવાનો. ને તે બે વસ્તુઓ છોડવાનો જે નિશ્ચય તેં કર્યો છે તેમાં કાયમ રહેવામાં તને મદદ મળશે.'

બા : 'તમે તો બહુ હઠીલા છો. કોઈનું કહ્યું માનવું જ નહીં.'

બા ખોબો આંસુ ઢાળી શાંત રહ્યાં. પણ પતિપત્નીની વચ્ચેના આ પ્રસંગમાંથી બાપુને સત્યાગ્રહની ચાવી મળી. પ્રેમ દ્વારા કરેલા ત્યાગથી સામાના હૃદય સુધી પહોંચવું અને એના જીવનમાં કલ્યાણક પરિવર્તન સાધવામાં મદદરૂપ થવું એ સત્યાગ્રહનો કીમિયો છે. તેથી સ્તો બાપુ આ પ્રસંગ વિશે કહે છે : 'તેને મારી જિંદગીનાં મીઠાં સ્મરણોમાંનું એક માનું છું.'

## ૨૦

૧૯૪૭ના ઑગસ્ટની ૧૫મી તારીખ. હિંદની આઝાદીનો દિન. સાત સમંદર ઉપર જેનું રાજ્ય હતું, જેના સામ્રાજ્ય ઉપર સૂરજ આથમતો નહીં, તે બ્રિટિશ સત્તાએ શાંતિપૂર્વક વિદાય લીધી અને હિંદીવાસીઓએ સત્તાનાં સૂત્રો સંભાળ્યાં.

એ ઐતિહાસિક દિવસે રાષ્ટ્રપિતા ક્યાં હતા ? એ દિવસ લાવવામાં જે એક વ્યક્તિનો કદાચ સૌથી મોટો ફાળો હતો તે આ ઉત્સવના દિવસે શું કરી રહેલ છે ? સ્વાતંત્ર્યનો દિવસ આવ્યો, પણ હજી ઘણું ઘણું કામ કરવાનું બાકી છે. હજી કોમી સુલેહસંપ નથી. ગાંધીજી તો રાષ્ટ્રના પિતા ને ? દુખિયાં દેશવાસીઓની વચ્ચે જઈને તે ઊભા છે. કલકત્તામાં કોમી રમખાણો ફાટી નીકળ્યાં છે. ત્યાં કોમી આગની વચ્ચે જઈને એ ખડા રહ્યા છે.

આઝાદીની રાતે એ કોને ઘેર સૂતા ? બેલિયાઘાટ એ કલકત્તાનો ખૂબ ગરીબ અને જોખમી લત્તો. ગરીબના બેલી બાપુએ ત્યાં

જઈને રહેવાનું પસંદ કર્યું. એક નાનકડા મકાનમાં ઉતારો હતો.

બાપુની પથારી એક પાટ ઉપર કરવામાં આવી. બાકીનાં બીજાંએ ભોંય પર જે મળ્યું તે પાથરીને સૂવાની તૈયારી કરી.

બાપુ ત્યાં આવ્યા. સૂવાની ગોઠવણ જોઈ એમનાથી બોલાઈ ગયું : 'તમે સૌ નીચે સૂઓ અને હું આ છત્રપલંગ ઉપર સૂઉં એ કેમ જ બને ? મારી પથારી પણ નીચે જ નાંખો.'

જૂની, સામાન્ય, ચાર પાયાવાળી પાટ બાપુને ખૂંચી, 'છત્રપલંગ' જેવી લાગી ! પોતાની પથારી સૌની સાથે નીચે જ કરાવી ત્યારે રહ્યા.

રાજધાની દિલ્હીમાં અને સારાય દેશમાં હિંદવાસીઓ આઝાદીનો ઉત્સવ માણી રહ્યા હતા. એ વખતે રાષ્ટ્રપિતા બાપુ હજી શું શું કરવાનું બાકી છે તે ગરીબની મઢૂલીમાં ગરીબની જેમ રહીને પ્રત્યક્ષ આચરણથી દાખવી રહ્યા હતા.

## ૨૧

પોતે વિલાયતથી બૅરિસ્ટર થઈને આવ્યા હતા છતાં વકીલાત ચાલી નહીં એટલે જુવાન મોહનદાસને આજીવિકા માટે સાધન શોધવાનું આવ્યું. વકીલ તરીકે અરજીઓ પોતે ઠીક ઠીક ઘડી શકતા. મફત અરજીઓ ઘડવાનું કામ તો ઘણું મળે. પોતે ઉદ્યમ વધાર્યો. પણ મફત અરજીઓ લખવામાં કાંઈ છોકરાં ઘૂઘરે રમે ?

કોરટમાં ઊભા રહીને દલીલ કરવાનું ન ફાવ્યું. વકીલાત સિવાયનો ધંધો શોધવો રહ્યો.

પોતાને એમ હતું કે શિક્ષક તો પોતે થઈ શકે. અંગ્રેજીનો અભ્યાસ પોતે ઠીક કર્યો હતો એવી પોતાની માન્યતા હતી. જો કોઈ શાળામાં મૅટ્રિક વર્ગમાં અંગ્રેજી શીખવવાનું કામ મળે તો તે લેવા

તૈયાર થયા – જેથી પેટનો ખાડો પુરાય.

એવામાં છાપામાં જાહેરખબર આવી કે અમુક હાઈસ્કૂલમાં અંગ્રેજીના શિક્ષકની દરરોજના એક કલાક માટે જરૂર છે. પગાર રૂ. ૭૫/- પોતે અરજી કરી. રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવ્યા. યુવાન બૅરિસ્ટર શિક્ષક થવાના લોભે હોંશે હોંશે ગયા. પણ જ્યાં આચાર્યે જાણ્યું કે યુવક બી.એ. નથી ત્યાં એમણે દિલગીરી દર્શાવી અને રજા આપી.

યુવક : 'પણ મેં લંડનની મૅટ્રિક્યુલેશન પાસ કરી છે. લૅટિન મારી બીજી ભાષા હતી.'

આચાર્ય : 'એ ખરું, પણ અમારે તો ગ્રૅજ્યુએટ જ જોઈએ.'

બૅરિસ્ટર ગાંધી શાળાશિક્ષક થવા માટે અપાત્ર ઠર્યા !

પણ મોટા બૅરિસ્ટર બન્યા હોવા છતાં આજીવિકા માટે શિક્ષકનું કે બીજું કોઈ પણ પ્રામાણિક કામ સ્વીકારવાની તૈયારી પાછળ જે નમ્રતા, સરળતા અને સાચું વ્યવહારુપણું હતું તેમાં સારી માનવજાતિના એક શિક્ષક થવાનાં બીજ પડેલાં હતાં.

## ૨૨

આગાખાન મહેલમાં બા-બાપુ જેલમાં હતાં ત્યારે એમના સાથીઓ અને જેલના વડા શ્રી કટેલી ૭૫ વરસનાં બા સાથે કૅરમની રમત રમતા. બાને જિતાડવા માટે સૌના પ્રયત્નો હોય. કોઈ વાર બાપુજી પણ રમત જોતા ઊભા રહે, વચ્ચે એકાદ દાવ લે પણ ખરા.

કંઈક કસરત મળે એ ખાતર ખુલ્લામાં રમતો રમવાનો પણ કાર્યક્રમ હતો. ચોમાસું શરૂ થયું એટલે જેલ અધિકારીએ એક ઓરડામાં ટેબલટેનિસની રમતની વ્યવસ્થા કરી.

Acc. No. 30515
Date

બધાએ નક્કી કર્યું કે આ નવી રમતનું ઉદ્ઘાટન બા-બાપુ પાસે કરાવવું.

બંને જણાં હાથમાં રૅકેટ ઝાલીને ખેલાડીઓની અદાથી ઊભાં રહ્યાં. બાપુજીએ કોણ જાણે કેટલાં વરસ પછી હાથમાં રૅકેટ પકડ્યું હશે.

પ્રથમ દાવ બાએ લેવાનો હતો.

બાપુ કહે : 'જોજે હોં!'

બા : 'જોજો હોં! અંચઈ ન કરતા!'

બાપુજી : 'તારી પાસે તો હું હાર્યો જ છું, ને તારી પાસે હારવામાં જ મને ખૂબ આનંદ આવે છે.'

બધાં ખડખડાટ હસી પડ્યાં.

બાપુ સૌને કહી રહ્યા હતા : 'બહેનો પાસે ભાઈઓ જો પોતાની થોડીક હાર કબૂલ કરે તો બહેનોની શક્તિનો બેવડો લાભ મળે, અને સમાજના અનેક કોયડાઓ આપોઆપ ઊકલી જાય....'

વળી પાછા બા તરફ ફરીને કહેવા લાગ્યા : 'તારી પાસે હારવામાં મને ઘણી સફળતા જ પ્રાપ્ત થાય છે. તારો સાથ છે તેથી જ હું શોભ્યો છું.'

એકમેક આગળ હાર કબૂલી વિજયી થનારાં આ અનોખાં દંપતી તરફ સૌ પ્રસન્નતાથી જોઈ રહ્યાં.

## ૨૩

ગાંધીજી એટલે કાર્યનો, કહો કે, નાયગરા ધોધ.

પણ સાથે સાથે આરામ લેવાની એમની શક્તિ અદ્ભુત હતી. થાકે એટલે થોડીક મિનિટ ઊંઘી જાય. ફરી પાછા કામ માટે તાજા.

જરીક ઊંઘી જાય ત્યારે પણ એ કંઈ ને કંઈ કામ પતાવે. સવારે માલિસ કરાવી પાણીના કૂંડામાં ઊંઘી જાય તેટલી વારમાં મનુબહેને

એમની દાઢી બનાવવાનું કામ પતાવી દેવાનું.

મનુબહેનને થાય કે માંડ ઊંઘવા પામ્યા છે અને જાગી જશે. હજામતનું કામ થંભાવી દે. બાપુ કામ કઢાવવામાં ભારે જાગ્રત. એમણે મનુબહેનને સમજાવ્યું : 'હું ઊંઘતો હોઉં તોયે તારે હજામત કરવાનું ચાલુ રાખવું જોઈએ. તો જ હું વધારે ઊંઘી શકું, અને સાથોસાથ મારું કામ પતી જાય. પણ હજુ તું એ શીખી નથી. એટલે એનું ફળ મારે ભોગવવું – કે જાગ્રત રહેવું અને કામ ખોટી ન થાય તેની ચાનક આપ્યા કરવી.'

મનુબહેન : 'બાપુજી, આપ હદ કરો છો. આપ આટલા બધા થાકેલા પાંચસાત મિનિટ ઝોકાં ખાઓ એમાંય હું હજામત કરતી રહું એવો આપનો આગ્રહ ! અને તો જ આપ નિશ્ચિંતપણે ઊંઘી શકો ? એ કેવી ઊંઘવાની શક્તિ ?'

બાપુ : 'એ રીતે જ્યાં સુધી ઊંઘી શકું છું ત્યાં સુધી મારી ચિંતા નથી. પણ જે દહાડે મારામાંથી ઊંઘવાની શક્તિ ચાલી જશે ત્યારે તારે સમજવું કે હવે મારું પતન છે. અને તો હું સમજીશ કે આ પતન મારામાં રહેલા દંભનો જ પ્રતાપ હશે અને રામનામ હૃદયમાં નથી. પણ આવી રીતે ઊંઘી શકવાની શક્તિ ઈશ્વર આપે છે, ત્યાં સુધી મને ચિંતા નથી. એટલે ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખી તારે કામ ચાલુ રાખવું જોઈએ. સૌની દયા ખાનારો એ બેઠો છે. એ કોઈનું બૂરું કરતો નથી. માણસ પોતે જ પોતાનું બૂરું કરે છે અને પછી ''ઈશ્વરે બૂરું કર્યું'' એમ કહે છે.'

## ૨૪

દેશબંધુ દાસ દાર્જિલિંગમાં બીમાર હતા. ગાંધીજી એમની ખબર કાઢવા ત્યાં ગયા. પાછા વળતાં ઢાકા મેલ પકડીને નવાબગંજ

ગામમાં એક કાર્યક્રમમાં હાજર થવાનું હતું. પણ રસ્તે પહાડનો થોડોક ભાગ રેલપાટા ઉપર તૂટી પડવાને કારણે ઢાકા મેલ ચૂકી જવાય એવી પરિસ્થિતિ ઊભી થઈ. વખતસર ન પહોંચવું એ તો ગાંધીજીને પોસાય જ નહીં.

એક સાથીએ સ્પેશિયલ ટ્રેનની સૂચના કરી. તેમણે તે વધાવી લીધી : વાઈસરૉયને આપેલો સમય હું જેટલી સખતાઈથી પાળું છું તેટલી જ સખતાઈથી આપણા લોકોને આપેલો સમય પાળવો જોઈએ.

સ્પેશિયલ ટ્રેનનું ભાડું રૂ. ૧,૧૪૦ ચૂકવ્યું, પણ નિશ્ચિત કાર્યક્રમમાં સમયસર દેશબંધુઓ વચ્ચે હાજર થયા.

## ૨૫

ગાંધીજી બિહારમાં ચંપારણમાં હતા ત્યારે અનેક સ્વયંસેવકોને એમણે આસપાસનાં ગામડાંઓમાં શાળાઓ ખોલવાના ને ચલાવવાના કામે લગાડ્યા.

એક દિવસ ગાંધીજી કસ્તૂરબાને કહે : 'બાળકો માટે તમે પણ અહીંયાં શાળા શરૂ કરો તો ?'

કસ્તૂરબા : 'શાળા ખોલીને હું શું કરું ? આ બાળકોને શું ગુજરાતીમાં ભણાવું ? એમની ભાષા મને આવડતી નથી. હું એમની સાથે વાત પણ શી રીતે કરું ?'

ગાંધીજી : 'બાળકોની કેળવણીમાં પહેલો પાઠ સ્વચ્છતાનો છે. ખેડૂતોનાં બાળકોને ભેગાં કરો. એમનાં આંખ-દાંત તપાસો. એમને સ્નાન કરાવો. સફાઈની ટેવ પાડો. એ કાંઈ ઓછું શિક્ષણ નથી. અને એ આજથી જ શરૂ કરી શકો.'

અને બાની શાળા શરૂ થઈ.

## ૨૬

યરવડા જેલમાં રોટલા ઘડવાવાળાએ બિલાડી પાળેલી. તેને બે બચ્ચાં આવેલાં.

બિલાડી આવીને ઘણી વાર બાપુના ઉઘાડા સુંવાળા પગની આસપાસ વીંટળાઈને બેસતી. હવે એનાં બચ્ચાં પણ એની સાથે આવવા લાગ્યાં.

એક વાર બચ્ચાંને લઈને એ આવેલી. એક બચ્ચું ગેલ કરવા લાગ્યું. બિલાડીની પૂંછડીને ઉંદર માનીને દૂરથી દોડતું આવે. પૂંછડી મોંમાં લે. બિલાડી પૂંછડી ખેંચી લે, પીંખે, કરડે. આમ ગમ્મત ચાલ્યા કરે. બાપુ રસ્કિનનું પુસ્તક વાંચતા હતા. વાંચવાનું બંધ કરી જોયા કરે.

ધીમે ધીમે બચ્ચાં બાપુ સાથે બહુ હળી ગયાં. પ્રાર્થના વખતે બાપુના ખોળામાં બેસે, બધા સાથે ગમ્મત કરે. જમવા ટાણે તો કૂદંકૂદા અને મિયાઉં મિયાઉં કરી મૂકે.

સરદાર વલ્લભભાઈ બચ્ચાંને જરીક ખીજવે. ખોરાક પર ઢાંકવાની તારની જાળીનો અર્ધગોળ બચ્ચા ઉપર ગોઠવી દે. અંદર પુરાઈને બચ્ચું મૂંઝાય.

એક વાર બચ્ચું ખૂબ ગભરાયું. જાળીને માથું મારતું મારતું ઓટલાની ધાર સુધી લઈ ગયું અને ત્યાં એની નીચેથી બહાર સરકી ગયું.

એણે પોતાની બુદ્ધિ વાપરી એ જોઈ બધા પ્રભાવિત થયા. હજી એનો ગભરાટ શમ્યો ન હતો. બાપુને દયા આવી.

થોડે દૂર જઈને એણે શૌચ કરવાની તૈયારી કરી. એ માટે જમીન ખોદી ખાડો કર્યો. શૌચ કરીને ખાડો પાછો માટીથી ઢાંક્યો. ત્યાં માટી બહુ નહોતી એટલે બીજે ગયું. ત્યાં એ ક્રિયા પૂરી રીતે

પતાવી. ખાડો ઢાંકવામાં બીજા બચ્ચાએ એને મદદ કરી.

બિલાડીનાં બચ્ચાંનો સ્વચ્છતાનો આગ્રહ જોઈને બાપુ કહે : 'આ બચ્ચાં ઉપર આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થવી જોઈએ.'

મીરાંબહેને કાગળ લખ્યો એમાં પણ બિલાડીનાં બચ્ચાંની સ્વચ્છતાની કેળવણી અંગે લખ્યા વગર રહી શક્યા નહીં.

'અમારે ત્યાં બિલાડીનાં મજાનાં બે બચ્ચાં છે. માતાના મૂગા આચરણમાંથી તેઓ પદાર્થપાઠ લે છે. માતા તેમની સમક્ષ આખો વખત હાજરાહજૂર હોય છે. મૂળ વસ્તુ જે છે તે તો છે આચરણ.'

## ૨૭

ચરવડા જેલમાં ગાંધીજી અને એમના સાથીઓ સરદાર વલ્લભભાઈ અને મહાદેવભાઈ સવારે ચાર વાગ્યે ઊઠીને પ્રાર્થના કરતા. પછી લીંબુ અને મધનું પાણી પીવાનો કાર્યક્રમ હતો. મધ અને લીંબુના રસ ઉપર ઊકળતું પાણી રેડવામાં આવે. એ ઠંડું થાય ત્યાં સુધી રાહ જોવી પડે. દરમિયાન કાંઈક વાંચવાનો કાર્યક્રમ ચાલે. ગાંધીજીએ ગરમ પાણી ઉપર કપડાનો કટકો ઢાંકવાનું શરૂ કર્યું.

એક દિવસે એમણે કહ્યું : 'મહાદેવ, આ કટકો કેમ ઢાંકું છું ખબર છે ? નાનાં નાનાં એટલાં બધાં જંતુઓ હવામાં હોય છે કે તે પાણીની વરાળને લીધે અંદર પડવાનો સંભવ છે, એમાંથી બચી જવાય છે.'

સાંભળીને વલ્લભભાઈથી ન રહેવાયું. કહે, 'એટલી હદ સુધી આપણાથી અહિંસા ન પળાય.'

ગાંધીજીએ હસીને કહ્યું: 'અહિંસા તો ન પળાય, પણ સ્વચ્છતા પળાય ના !'

## ૨૮

'સંઘર્યો સાપ પણ કામનો' એ કહેવત શી રીતે ઉત્પન્ન થઈ એની એક વાર યરવડા જેલમાં ચર્ચા ચાલી.

બાપુએ એક વાર્તા કહી : એક ડોશીને ત્યાં સાપ નીકળ્યો. લોકોએ સાપને મારી નાખ્યો. ડોશીએ એને દૂર નાખી આવવાને બદલે છાપરે નાખ્યો. આકાશમાં એક સમડી ઊડતી હતી તે ક્યાંકથી મોતીનો હાર લાવી હતી. તેણે આ સાપ જોયો અને હારના કરતાં એને વધુ કીમતી ગણીને હાર છાપરા પર નાખી સાપ ઉપાડી ગઈ ! ડોશી સાપ સંઘરીને હાર પામ્યાં.

સરદારે બીજી વાર્તા કહી : એક વાણિયાને ત્યાં સાપ નીકળ્યો. એને મારનાર કોઈ ન મળે. મારવાની હિંમત ન ચાલે, અને પ્રાણીને મારતાં જીવ પણ ન ચાલે. એટલે ઢાંક્યો તપેલા તળે. રાતે આવ્યા ચોર. તપેલા નીચે કાંઈ હશે કરી ઉઘાડવા ગયા ત્યાં સાપ કરડ્યો. અને ચોરી કરવાને બદલ પંચત્વ પામ્યા.

કોઈ કહી શકે કે દરેક જણે પોતાના સ્વભાવને અનુરૂપ લાક્ષણિક વાર્તા કહી.

## ૨૯

જોહાનિસબર્ગમાં ગાંધીજી વહેલા ઊઠે, પ્રાર્થના કરે, કોઈ વાર ઘંટીથી ઘઉં દળે, ચૂલો સળગાવે અને કીટલીમાં પાણી ગરમ કરવા મૂકે.

મકાનના જાજરૂની બાલદીઓ છથી દસ ફૂટ જેટલી ઊંચાઈવાળી એક ટાંકીમાં સાફ થતી. નાહવાધોવાનું પાણી પણ એમાં એકઠું થતું. એ ટાંકી ખાલી કરવા અઠવાડિયે મ્યુનિસિપાલિટીની બે ઘોડાથી ખેંચાતી લોખંડી ટાંકી લઈને હબસીઓની ટુકડી આવતી.

સફાઈકામ પૂરું થાય એટલે સ્વચ્છ થઈ, ઠંડી હોય ત્યારે તો પૂરતાં કપડાંને અભાવે ધ્રૂજતા, હબસીઓ ગાંધીજી પાસે આવે.

એમનાં ટમલરમાં પોતાને હાથે બનાવેલી ગરમ ગરમ ચા કીટલીમાંથી રેડવાનો ગાંધીજીનો ક્રમ હતો.

ગરમ ગરમ ચા પીતાં પીતાં, આભાર દર્શાવતાં તેઓ ડાબો હાથ ઊંચો કરીને ઝૂલુ ભાષામાં કહેતા:

'' 'કોસ બાબા કેઝલુ' – 'ઈશ્વર ઉપર છે' પણ એની ખાતરી તો અમને તમારી આપેલી આ ગરમ ગરમ ચાના પ્યાલાથી થાય છે.''

## ૩૦

સેવાગ્રામમાં એક વાર એક અમેરિકન મિશનરી ડૉ. જાન માટે ગાંધીજીને પૂછ્યું: તમારા જીવનનો સૌથી વધુ સર્જનાત્મક અનુભવ કયો ? જેમાંથી એક નવા જ જીવનનું સર્જન થાય એવા અનુભવ વિશે કહેશો ?

ગાંધીજીએ જવાબ આપ્યો : એવા અનુભવો તો થોકબંધ છે. પણ તમે આ સવાલ પૂછ્યો ત્યારે મારી જિંદગીનો આખો રાહ બદલી નાખનાર એક પ્રસંગ મારી સ્મૃતિમાં આવી ગયો.

આટલું બોલીને એમણે મારિત્સબર્ગનો પ્રસંગ વર્ણવ્યો.

પોતે ચોવીસ વરસના જુવાન બૅરિસ્ટર હતા. મુંબઈમાં કામ ન મળતાં દક્ષિણ આફ્રિકામાં શેઠ અબદુલ્લાએ એક કેસ અંગે બોલાવતાં, ડરબન પહોંચ્યા. અઠવાડિયામાં શેઠે એમને પ્રિટોરિયા જવા મોકલ્યા.

પહેલા વર્ગની ટિકિટ લઈને એમને ગાડીમાં બેસાડ્યા. નવેક વાગ્યે ગાડી નાતાલની રાજધાની મારિત્સબર્ગ પહોંચી. એક નવો ગોરો ઉતારુ અંદર પેઠો. એ આ 'ભાતીગર' મુસાફરને જોઈ

ખમચાયો. બહાર જઈને એકબે અમલદારોને લઈ આવ્યો. તેઓ કંઈ બોલ્યા નહીં. બીજો એક અમલદાર આવ્યો. એણે બૅરિસ્ટર ગાંધીને છેલ્લા ડબામાં જવાનું કહ્યું.

'મારી પાસે પહેલા વર્ગની ટિકિટ છે.'

'તેની ફિકર નહીં. હું તમને કહું છું કે તમારે છેલ્લા ડબામાં જવાનું છે.'

'હું કહું છું કે મને આ ડબામાં ડરબનથી બેસાડવામાં આવ્યો છે ને હું તેમાં જ જવા ધારું છું.'

'એમ નહીં બને. તમારે ઊતરવું પડશે, ને નહીં ઊતરો તો સિપાઈ ઉતારશે.'

'ત્યારે સિપાઈ ભલે ઉતારે, હું મારી મેળે નહીં ઊતરું.' યુવક ગાંધીએ નિશ્ચયપૂર્વક જવાબ આપ્યો.

સિપાઈ આવ્યો. એણે હાથ પકડીને ગાંધીને ધક્કો મારીને નીચે ઉતાર્યા. એમણે બીજા ડબામાં જવાનો ઇન્કાર કર્યો. ટ્રેન રવાના થઈ.

ગાંધી વેઈટિંગ રૂમમાં ગયા. પોતાનું હાથપાકીટ એમણે સાથે રાખ્યું. બીજા સામાનને એ અડક્યા પણ નહીં. રેલવેવાળાઓએ એને ખસેડીને ક્યાંક મૂક્યો.

શિયાળાની કડકડતી ઠંડી હતી. અને તે પણ દક્ષિણ આફ્રિકાના ઊંચાણવાળા પ્રદેશની. ઓવરકોટ તો સામાન ભેગો હતો. તે માગવાની ગાંધીની હિંમત ન ચાલી. ફરી અપમાન થશે તો ? ટાઢ કહે મારું કામ. યુવક ગાંધીનું મનોમંથન-ધર્મમંથન ચાલ્યું. પોતાના હકો માટે લડવું કે અહીંથી જ દેશ પાછા જવું ? કે પછી આવાં અપમાનો સહન કરી લઈ કેસ પતાવીને વતન પાછા ફરવું ? કેસ પડતો મૂકીને જવામાં તો નામર્દાઈ ગણાય. આ જે દુ:ખ પડ્યું તે તો ઉપરચોટિયું દરદ હતું, ઊંડે રહેલા મહારોગનું ચિહ્‌ન માત્ર

હતું. મહારોગ તો છે રંગદ્વેષ. એ મહારોગ નાબૂદ કરવાની શક્તિ હોય તો તે શક્તિનો ઉપયોગ કરવો અને તેમ કરવામાં જાત ઉપર જે દુ:ખ આવી પડે તે બરદાસ્ત કરવાં.

આવો નિશ્ચય કરી બીજી ગાડીમાં ગમે તે રીતે આગળ વધવાનું વિચાર્યું.

ડૉ. મૉટને ગાંધીજીએ કહ્યું : 'આમાં સર્જનાત્મક અનુભવ છે તે અહીં આવે છે. મને મારી જિંદગીની જ ધાસ્તી બેસી ગઈ હતી. અંધારા વેઈટિંગ રૂમમાં હું પેઠો. એ ખંડમાં એક ગોરો હતો. મને એનો ડર લાગ્યો. મારો ધર્મ શો ? – મેં મારી જાતને સવાલ પૂછ્યો. મારે હિંદ પાછા ફરવું કે ભગવાનની ઓથે મારે આગળ વધવું અને જે કંઈ મારા ભાગ્યમાં હોય તેનો સામનો કરવો ? મેં નિર્ણય કર્યો કે રહેવું અને સહેવું. તે દિવસથી મારી સક્રિય અહિંસાનો આરંભ થાય છે.'

જવાહરલાલ નેહરુનું માનવું છે કે ગાંધીજીમાં સૌથી મોટો ગુણ નિર્ભયતાનો હતો. નેહરુમાં પોતામાં પણ નિર્ભયતાનો ગુણ હતો એટલે એની કદર એ કરે જ ને ? પણ તેઓનું કહેવું છે કે ગાંધીજીમાં નિર્ભયતા એ પ્રકારની હતી કે એમના સંપર્કમાં આવનારાઓમાં પણ – એમની આસપાસના વાતાવરણમાં પણ – નિર્ભયતા જામતી.

ગાંધીજીની નિર્ભયતાનું મૂળ સર્વ પ્રત્યેના એમના પ્રેમમાં હતું, अन्यस्मात् बिभेति – બીજાથી માણસ બીએ છે. પણ જેને 'બીજું' કોઈ હોય જ નહીં, સર્વ આત્મમય રામમય હોય તે બીજાઓથી સંકોડાય નહીં, બલકે બીજાઓ તરફ એના હૃદયમાંથી પ્રેમની ધારાઓ છૂટે.

એ રાતે ઠંડીમાં ઠૂંઠવાતા ગભરુ યુવક ગાંધીના હૃદયમાં અદ્વેષની, નિર્વૈરની, અહિંસાની, આત્મસર્વસ્વનું બલિદાન આપવા તૈયાર

એવા સક્રિય પ્રેમની ભૂમિકા રચાતાં ભય નામશેષ થઈ ગયો અને સત્યાગ્રહના અમોઘ શસ્ત્રોનો જન્મ થયો.

## ૩૧

ફિનિક્સ આશ્રમમાં એક દિવસે સાંજની પ્રાર્થના પછી બાબાપુ વચ્ચે ગૃહસ્થાશ્રમ અંગે એક અજબ સંવાદ થયો.

દક્ષિણ આફ્રિકાની સરકારે નવો કાયદો કરીને હિંદુ, મુસલમાન કે પારસી ધર્મવિધિ પ્રમાણેનાં લગ્નોને પોતે સ્વીકારશે નહીં એમ જાહેર કર્યું હતું.

બાપુ : સાંભળે છે કે ? તું આજથી મારી પરણેતર સ્ત્રી નહીં.

બા : આવું તે શું બોલતા હશો ? તમે તમારે રોજ નવા નવા નુક્તા શોધી કાઢો !

બાપુ : હું નથી બોલતો. જનરલ સ્મટ્સ બોલે છે. એમની સરકારે નવો કાયદો ઘડ્યો છે કે ખ્રિસ્તી લગ્નની જેમ આપણાં હિંદુ-મુસલમાન-પારસીનાં લગ્ન કોરટમાં નોંધાયેલાં નથી તેથી તે ગેરકાયદેસર ગણાય અને તેથી આપણી પરણેતર સ્ત્રીઓ હવે આ કાયદાની એક કલમે રખાત થઈ ગઈ !

બા : કહ્યું એણે ! ક્યાંથી એને આવું સૂઝે છે ?

ગાંધીજી : પણ હવે તમે બહેનો શું કરશો ?

બા : અમે વળી શું કરીએ ?

ગાંધીજી : કેમ ? અમે લડીએ છીએ તેમ તમે પણ લડો. પોતાની આબરૂ ખાતર જેલમાં જવા તું પણ તૈયાર થા.

બા : બૈરાંથી વળી જેલમાં જવાય ?

ગાંધીજી : કેમ ન જવાય ? પુરુષ જે સુખદુઃખ ભોગવે તે સ્ત્રીઓથી કેમ ન ભોગવાય ? રામની પાછળ સીતાજી વનમાં ગયાં.

હરિશ્ચંદ્ર પાછળ તારામતી ને નળની પાછળ દમયંતી – સૌએ ભેગાં અનહદ દુઃખ વેઠ્યાં.

બાએ હસીને કહ્યું : તમારે મને જેલમાં મોકલવી છે ને ? હવે એટલું જ બાકી છે ! પણ મને ત્યાંનો ખોરાક ફાવશે ? ફળાહાર કરવાની રજા આપશે ?

ગાંધીજી : ન આપે ત્યાં સુધી ઉપવાસ કરજે.

બા : એ તો તમે મને મરવાનો રસ્તો બતાવ્યો.

ગાંધીજી : ખડખડાટ હસી પડ્યા અને બોલ્યા : તું જેલમાં મરી જઈશ તો જગદંબાની જેમ તને પૂજીશ.

કસ્તૂરબાએ નિરધાર સંભળાવ્યો : મારું નામ સત્યાગ્રહીઓમાં પહેલું મૂકજો.

અને ખરે જ પહેલી સોળ સત્યાગ્રહીઓની ટુકડી ગઈ તેમાં બા મોખરે હતાં.

ભાગ્યશાળી બા ૧૯૪૨ની 'હિંદ છોડો'ની લડતમાં ૧૯૪૪ના ફેબ્રુઆરીની ૨૨મીએ આગાખાન મહેલના કારાવાસમાં બાપુના ખોળામાં માથું હતું ને ચિરશાંતિમાં પોઢ્યાં. એમના વીતરાગ પતિની આંખોમાં એ વખતે બે અશ્રુકણિકાઓ ચમકી ગઈ.

## ૩૨

દક્ષિણ આફ્રિકાની સત્યાગ્રહ-લડતમાં અનેક ભાઈઓ ગોળીબારમાં માર્યા ગયા હતા. લડત પછી એમની વિધવા બનેલી સ્ત્રીઓ ગાંધીજીને મળવા શેઠ પારસી રુસ્તમજીને ત્યાં આવી.

ગાંધીજી ઊઠીને તેમની પાસે ગયા. એમને વંદન કર્યું. વિધવા બહેનો રડી પડી.

ગાંધીજી એમને આશ્વાસન આપવા લાગ્યા :

માતાઓ, તમે રડશો નહીં. લાંબી બીમારી ભોગવીને તમારા

પતિઓ મૃત્યુ પામ્યા હોત, તો એમને વિશે દુનિયા કશું જાણત નહીં.... દેશને ખાતર ગોળીના ભોગ બની તેઓ દેવલોક પામ્યા એટલે તેઓ ભાગ્યશાળી ગણાય.

એક બહેન એમને પગે વળગી હતી. એનાં આંસુ એમના પગ પર પડતાં હતાં. તેને વલોવાતે હૈયે સાન્ત્વન આપતાં તેઓ કરુણાભર્યા દઢ અવાજે બોલ્યા :

બહેન, તારા જેવાંઓનું દુ:ખ મારાથી સહન થતું નથી. તે તો ત્યારે જ શમે કે જ્યારે સરકાર મને પણ ગોળીથી ઠાર કરે અને મારી પત્નીની પણ તમારા જેવી જ સ્થિતિ હોય ત્યારે જ આપણી આ દશાનો અંત આવશે.

ગાંધીજીની પારદર્શક સહૃદયતાથી બહેનોને હૂંફ મળી.

## 33

સાબરમતીતટે 'સત્યાગ્રહાશ્રમ' સ્થાપીને ત્યાંથી ગાંધીજી પોતાની બધી પ્રવૃત્તિ ચલાવતા હતા. આશ્રમના એક કાર્યકર્તા જેઓ બજારનું ખરીદી કામ કરતા હતા તેઓ બે આનાની ચીજના અઢી આના હિસાબમાં લખીને ચોરી કરતા હતા એમ ગાંધીજીના બે સાથીઓના ધ્યાનમાં આવ્યું. વાત ગાંધીજી પાસે ગઈ.

ગાંધીજીએ એ ભાઈને બોલાવ્યા. પહેલાં તો એમણે કબૂલ કર્યું નહીં, પણ પછી પોતાનો ગુનો કબૂલ કર્યો. ગાંધીજીએ ભારે આઘાત અનુભવ્યો. ઠેઠ નાતાલના સમયથી ગાંધીજીના એ નિકટના સાથી હતા.

ગાંધીજીનું મંથન ચાલ્યું : આ આશ્રમને સત્યાગ્રહાશ્રમનું મોટું નામ કેમ કરીને આપી શકાય ? મારામાં જ ક્યાંક અસત્ય લપાઈ રહેલું હશે, જેને હું હટાવી શક્યો નથી.

બધા સાથીઓને એમણે ભેગા કર્યા. પરગામ હતા તેમને ત્યાંથી બોલાવ્યા. બધાની સમક્ષ એમણે હૃદયની વેદના ઠાલવી. સત્ય આગળ બાહ્ય પ્રતિષ્ઠાની એમને મન કોડીની કિંમત ન હતી. 'સત્યાગ્રહાશ્રમ' નામ રદ કરીને 'ઉદ્યોગમંદિર' નામ ધારણ કરવાથી આશ્રમની પ્રતિષ્ઠા દુનિયાદારીની દષ્ટિએ ભલે ઊતરે, પણ જૂઠું નામ ધારણ કરવામાંથી બચવું જ જોઈએ. ખૂબ ચર્ચા થઈ. અંતે બધાંએ નિર્ણય કર્યો કે નદીતટે જે જગાએ પ્રાર્થના થાય છે તેનું નામ 'સત્યાગ્રહાશ્રમ' રાખવું અને બાકીની આખી સંસ્થા 'ઉદ્યોગમંદિર' નામે ઓળખાય, પછી આગળ જતાં યોગ્યતા પ્રાપ્ત કરે ત્યારે જ 'સત્યાગ્રહાશ્રમ' નામ ધારણ કરે.

## ૩૪

ગાંધીજી નોઆખલીમાં કોમી દાવાનળ ઠારવા યાત્રા કરી રહ્યા હતા. તેમની હત્યા થઈ તેના બરોબર એક વરસ અગાઉના દિવસે ૩૦ જાન્યુઆરી ૧૯૪૭ના રોજ તેઓ એક એવા ગામે પહોંચ્યા હતા જ્યાં બકરીનું દૂધ અપ્રાપ્ય હતું. નાળિયેરનું દૂધ એની અવેજીમાં આપવામાં આવ્યું. ગાંધીજીને સંગ્રહણી થઈ. સાંજ પડતાં તો તેઓને બહુ નબળાઈ જણાવા લાગી.

સંધ્યાકાળે શૌચવિધિ પછી એમને પરસેવાના રેબ વળવા લાગ્યા. બગાસાં વારંવાર આવવા લાગ્યાં. સાથે મનુબહેન હતાં. તેમને થયું કે બેભાન થશે કે શું. એમને એમણે પકડી લીધા. પરસેવો લૂછ્યો અને બીજા ભાઈની મદદથી પથારી પર લઈ જઈને સુવાડ્યા.

મનુબહેને તરત ડૉ. સુશીલા નાયરને વિગતવાર પત્ર લખ્યો.

થોડી વારમાં ગાંધીજીની આંખો ઊઘડી. એમણે મનુબહેનને

કહ્યું: તેં બીજા ભાઈને ટેકા માટે બોલાવ્યા એ મને ગમ્યું નહીં પણ તું હજી નાની છે, એટલે તને હું ક્ષમા કરું છું. આવી વેળાએ પૂર્ણ ભક્તિથી રામનામ લેવાનું હોય. હું પણ રામનું નામ લેતો હતો. હવે આ માંદગીની આ વાત કોઈને જણાવીશ નહીં, સુશીલાને પણ નહીં. મારો ખરો વૈદ્યદાક્તર રામ જ છે. મારી પાસેથી એને જ્યાં સુધી કામ લેવાનું હશે ત્યાં સુધી તે મને જીવતો રાખશે, નહીં તો અહીંથી ઉપાડી લેશે.

મનુબહેન ચોંક્યાં. કાગળના ચીરા કર્યા. બાપુ બધો તાલ સમજી ગયા. બોલ્યા : અરે, તેં તો કાગળ લખી પણ નાખ્યો કે ?

મનુબહેને હા કહી એટલે કહે: આજે ભગવાને તેને ને મને બચાવી લીધાં. સુશીલા ગામડાનું કામ અરધે મૂકીને અહીં દોડી આવત અને એથી ભગવાન તારા પર ને મારા પર ગુસ્સે થાત.

## ૩૫

દક્ષિણ આફ્રિકામાં જોહાનિસબર્ગમાં ગાંધીજી વકીલાત કરતા ત્યારની વાત છે. ઘરથી ઑફિસ ત્રણ માઈલ દૂર હતી. એક વાર ગાંધીજીના સાથી શ્રી પોલાકે ગાંધીજીના તેરેક વરસના પુત્ર મણિલાલને ઑફિસથી એક પુસ્તક ઘેર લઈ આવવાનું કહેલું. મણિલાલ ભૂલી ગયા. વાત ગાંધીજી સુધી પહોંચી. ગાંધીજી મણિલાલ પાસે ગયા. પૂરી મૃદુતાથી પણ મક્કમતાથી પુત્રને કહ્યું : રાત અંધારી છે, પંથ વિકટ છે, આવતાં-જતાં છ માઈલ થાય, છતાં તેં કબૂલ્યું હતું એટલે ઑફિસે જઈને મિ. પોલાકને પુસ્તક લાવી આપવું રહ્યું.

સાંભળીને બા અને ઘરનાં બધાં વિમાસણમાં પડી ગયાં. બાપુએ આવો આગ્રહ શા માટે રાખવો જોઈએ એવા સવાલો પણ ઊઠ્યા. ઑફિસના સાથી કલ્યાણભાઈએ કહ્યું : જોઈએ તો હું

પુસ્તક લઈ આવું અથવા તો મણિલાલ સાથે મને જવા દો.

ગાંધીજીએ બીજો વિકલ્પ સ્વીકાર્યો.

તેરેક વરસના કિશોર પુત્રે મોડી રાતે પણ શ્રી પોલાકને પુસ્તક લાવીને આપ્યું – પોતે સ્વીકારેલું કામ પાર પાડ્યું એની પુષ્પથીયે કોમળ પણ વજ્રથીયે કઠોર પિતાએ બરોબર કાળજી રાખી.

૩૬

નોઆખલીમાં કોમી આગ બુઝાવવા ગાંધીજી પગે યાત્રા કરી રહ્યા હતા. એક ગામથી નીકળી બીજા ગામે સવારે સાતે પહોંચી જાય. પછી લખાવવાનું થોડુંક કામ કરી નાહી લે. નાહવામાં તેઓ સાબુ નહીં પણ એક ખરબચડો પથ્થર વાપરતા. મીરાંબહેને વરસો પહેલાં એ આપેલો.

એક ગામે પહોંચ્યા પછી નાહવાની તૈયારી કરતાં મનુબહેને જોયું તો પથ્થર ન મળે. બાપુને વાત કરી : કાલે વણકરને ઘેર રહ્યા હતા ત્યાં રહી ગયો હોવો જોઈએ. હવે ?

બાપુ થોડી વાર વિચારમાં પડી ગયા. પછી કહે: એ પથ્થર તું જાતે જઈને શોધી આવ. તું એકલી જ જા. એક વખત આમ કરીશ એટલે બીજી વખત ભૂલ નહીં થાય.

મનુબહેન : કોઈ સ્વયંસેવકને સાથે લઈ જાઉં ?

બાપુએ સામેથી પૂછ્યું : કેમ ?

નોઆખલીમાં નાળિયેરી ને સોપારીનાં વન. અજાણ્યો માણસ ભૂલો જ પડી જાય. સૂના રસ્તા પર એકલા શે જવાય ? તોફાનીઓ પજવે તો ? – નાનકડી ૧૫-૧૬ વરસની મનુબહેનના મનમાં કંઈ કંઈ વિચારો આવી ગયા. પણ 'કેમ'નો જવાબ આપવા રોકાયા વગર થોડી રીસમાં એ ચાલી નીકળી. જે રસ્તે બધાં અહીં આવેલાં

તે રસ્તા પરનાં પગલાં જોતી જોતી એ બહેન પેલા ગામે પહોંચી ગઈ.

વણકરનું ઘર પણ મળ્યું. ઘરમાં એક ડોશી રહે, ડોશીએ પેલા મોંઘામૂલા પથરાને કાંઈ સાચવી રાખેલો નહીં. પથરો જાણીને ફેંકી દીધેલો. મનુબહેને માંડ માંડ શોધી કાઢ્યો. એના આનંદની સીમા ન હતી.

સવારના સાડા છની નીકળેલી બપોરે એક વાગ્યે એ પાછી બાપુ પાસે પહોંચી. પંદર માઈલની ખેપ થઈ. ભૂખ પણ કકડીને લાગી હતી. રીસ હજી ઊતરી ન હતી. બાપુજી પાસે જઈ એમના ખોળામાં પથ્થર ફેંકી એ રડી પડી.

બાપુજીનો વહાલસોયો અવાજ સંભળાયો :

આ પથ્થર નિમિત્તે તારી પરીક્ષા થઈ. તેમાં તું તરી ઊતરી એથી મને આનંદ થયો. પથરો મારો ૨૫ વરસનો મિત્ર છે. જેલમાં જાઉં કે મહેલમાં, એ પથ્થર મારી સાથે જ ફર્યો છે. આવા પથરા ઘણા મળી રહેશે એવી બેકાળજી બરોબર ન કહેવાય.

મનુબહેનના અંતરમાંથી આજના એના અનુભવનો સાચો ઉદ્ગાર થઈ ગયો : બાપુજી મેં ખરા હૃદયથી રામનામ લીધું હોય તો આજે જ પ્રથમ વાર.

બાપુજી કહે : મારે બહેનોને નીડર બનાવવી છે. આ કસોટી કેવળ તારી જ નહીં, પણ ખરું પૂછે તો મારી પણ હતી.

કદાચ ખરી કસોટી તો આ દિવસે ભગવાનની હતી. જવલ્લે જ ભગવાનને કોઈ ભક્તે આટલી મોટી કસોટીએ ચઢાવ્યો હશે. ખરે જ એ દિવસે ભગવાનની લાજ રહી ગઈ.

ફિનિક્સ આશ્રમમાં નાનાંમોટાં સૌ આહારવિહાર અંગે સંયમથી રહેતાં. ભોજનમાં મસાલા ન હોય. કેટલાક તો મીઠું છોડીને અલૂણા વ્રત પાળે.

એક વખત એક વિદ્યાર્થીને સ્ટેશનને રસ્તે એક શિલિંગ મળી આવ્યો. એવામાં ઉજાણીએ ગયેલા ત્યાં એક જણને ત્રણ પેનીનો સિક્કો મળ્યો. કેટલેક દિવસે ગાંધીજીને જોહાનિસબર્ગ જવાનું થયું, ત્યારે વર્ગશિક્ષિકાએ પેલા એક શિલિંગનાં ભજિયાં અને ત્રણ પેનીનાં ચિત્રો મંગાવ્યાં અને બધાંમાં વહેંચ્યાં.

ગાંધીજી આવ્યા એટલે વાત એમના કાન સુધી પહોંચી. પેલાં બહેન સાથે એમણે વાત કરી. પછી એક વિદ્યાર્થી સાથે વાત કરતા તેઓ ઘર અને છાપખાના વચ્ચે આંટા મારવા લાગ્યા. બીજા છોકરાઓ સાથે પણ એ રીતે વાત કરી. છેલ્લે પોતાના સૌથી નાના પુત્ર દેવદાસને વાત કરવા સાથે લઈ ગયા.

આશ્રમવાસીઓ ચિંતાભર્યા આમતેમ રાહ જોતા ઊભા હતા. ત્યાં વાત આવી કે બાપુએ તમાચા માર્યા. પહેલાં તો લાગ્યું કે દેવદાસને માર્યા હશે. પછી સ્પષ્ટ થયું કે ના, એમણે પોતાને જ પાંચ તમાચા માર્યા છે.

બપોરે એમણે ખાધું. પણ સાંજે ખાધું નહીં. પાણી પણ છોડ્યું.

સાંજની પ્રાર્થના પછી અત્યંત વેદનાપૂર્વક એ ધીમે ધીમે બોલવા માંડ્યા :

પાણી પણ કડવું ઝેર જેવું થઈ પડ્યું છે. દીકરા થઈને બાપને આટઆટલું છેતરી શકાય છે એ જાણી મારું અંતર કપાઈ જાય છે. મારાથી ન જ રહેવાયું ત્યારે મેં પોતાને પાંચ તમાચા લગાવી દીધા

છે. કોઈને હું મારું તે કરતાં મને પોતાને જ મારું એ સારું. એ વિના મને આવી જાતનું વર્તન કેવું કઠે છે એ નહીં સમજાય.

પછી બાપુએ દેવદાસે ભૂલ કબૂલીને ફરી એવું ન કરવાનું આશ્વાસન આપ્યાની વાત કરી અને કહ્યું કે હજી છોકરાઓએ સત્ય છુપાવ્યું છે. બધા જુદું જુદું કહે છે. સાચું બોલવા કોઈ તૈયાર નથી. જૂઠાણું રહે તો પોતાના જીવનમાં ધૂળ પડી. પછી પોતાનો નિર્ણય સંભળાવ્યો કે છોકરાઓ પોતાની મેળે સત્ય ન કહે ત્યાં સુધી પોતે પોતાના મોંમાં નથી અન્નનો દાણો મૂકવાના કે નથી પાણીનું ટીપું મૂકવાના. સત્યને શોધતાં મોત આવે એથી રૂડું શું ! અને એમણે સૌને કહ્યું કે એ રીતે મોત આવે તો સૌએ એ દિવસ ઊજવવો.

બીજે દિવસે બાપુને બહારગામ જવાનું હતું. ભૂખ્યાતરસ્યા સ્ટેશને ચાલતા ગયા. બધાં સાથે ગયાં, મૂંગાં મૂંગાં, ચિંતાતુર પેલાં શિક્ષિકાએ સ્ટેશન આગળ બધું કબૂલ કર્યું.

ટ્રેન આવી. બધાંએ બાપુજીને વીનવ્યા : હવે ત્યાં પહોંચીને રુસ્તમજી શેઠને ત્યાં જમીને જ આગળ જજો.

બાપુજી શાંત પ્રસન્ન ચિત્તે બોલ્યા : મારે મન સત્ય મળી ગયું એ જ ખોરાક.

## ૩૮

યરવડા જેલમાં ગાંધીજીની ચોકી માટે અને તહેનાતમાં કેદી વૉર્ડરોને મૂકવામાં આવતા.

વૉર્ડર આદન સોમાલીલૅન્ડનો હતો. પ્રથમ મહાયુદ્ધ દરમિયાન બ્રિટિશ લશ્કરને છોડી જવાના ગુના બદલ એને દસ વરસની સજા થયેલી. એડનની જેલમાંથી બદલી પામીને અહીં આવેલ. મુશ્કેલીથી કુરાન વાંચી શકતો. પણ નવરો પડે એટલે એમાંથી આયતો પઢે. ગાંધીજીનો એ ચાહક બની ગયો. ગાંધીજીએ એ છૂટે

અથવા પાછી એની એડન જેલમાં બદલી થાય તે માટે અરજીઓ ઉપર અરજીઓ ઘડી આપી.

એક વખતે એ મહામુશ્કેલીએ તાજું એ દિવસનું 'ટાઈમ્સ' છાપું લઈ આવ્યો. જેલમાં છાપાનાં દર્શન કેવાં ? ખુશ થતો થતો ગાંધીજી પાસે ગયો અને છાપું ધર્યું.

ગાંધીજી તો જેલના એકેએક નિયમને ધર્મબુદ્ધિથી પાળનારા. અયોગ્ય નિયમ હોય તો સત્તાવાળાઓને ખબર આપી એની સામે પ્રાણાંત સુધી લડે, પણ જેલના નાનામાં નાના નિયમનો ભંગ ન કરે. એમણે આદનને પૂછ્યું :

'આદન યહ ક્યા હૈ ?'

'મહારાજ, અખબાર હૈ, તાજા અખબાર હૈ, આપકે લિયે લાયા હૂઁ દેખો.'

'યહ અખબાર મેં નહીં દેખ સકતા હૂઁ. યહ કાનૂન કે ખિલાફ હૈ. તુમ વાપસ લે જાઓ.'

આદનનું મોં પડી ગયું. એ કોચવાયો. બોલ્યો : સબ લોગ અખબાર દેખના માંગતે હૈં. બહુત મુશ્કિલ સે લાયા હૂઁ.

ગાંધીજીએ એને સમજાવ્યો. યહ સબ મૈં સમજતા હૂઁ. લેકિન કાનૂન કે ખિલાફ હૈ ઈસ લિયે નહીં દેખ સકતા, તુમ લે જાઓ ઔર જલા દો, નહીં તો મુઝે રિપોર્ટ કરના હોગા.

આદન ખૂબ મૂંઝાયો. ત્યાંથી છાપું લઈ ચાલ્યો ગયો. એનું મન વિચાર-ચકડોળે ચઢ્યું. ગાંધીજીના એક સાથી પાસે જઈ બોલવા લાગ્યો : મહારાજ કહતે હૈં, કાનૂન કે ખિલાફ હૈ. કિસકા કાનૂન ? સરકાર તો બદમાશ હૈ. સરકાર કા કાનૂન કા ખ્યાલ ક્યા કરના ? લેકિન ગાંધીજી મજહબી આદમી હૈં. હમારી બાત નહીં સુનતે. આપ સમઝાઈયે.

સાથીએ એને કહ્યું : ગાંધીજી આવી વાત સાંભળે નહીં, ઊલટું એમનું મન નારાજ થાય.

તેમ છતાં કેમે કર્યો આદન મન વાળી શક્યો નહીં. એ તો ફરી ધીમે પગલે ગાંધીજી પાસે ગયો અને કહેવા લાગ્યો : આપ તો બડે આદમી હૈં, મજહબી આદમી હૈં. આપ આપ કે લિયે અખબાર નહીં દેખને વાલે. લેકિન હમકો ઈધર બહુ વક્ત હો ગયા. હમારા મુલ્ક કા કુછ અંદર હો તો હમકો સુનાઓ ના ?

આદનની વાત સાંભળી ગાંધીજીને હસવું આવ્યું. છાપું વંચાવવાની એની આ યુક્તિ તેઓ જોઈ શક્યા. પણ એનો આગ્રહ જોઈ એને નારાજ નહીં કરવા છાપા પર નજર નાખી અંદરથી સોમાલીલૅન્ડની લડાઈ અંગેના કે એવા કંઈક સમાચાર હતા તે એને જણાવ્યા.

આદન બહાર આવી નાના બાળકની જેમ હસી હસીને કહેવા લાગ્યો : દેખો, ગાંધીજીને અખબાર દેખા. દેખો હમને ઉનકો કૈસા મનાયા !

કોની બલિહારી ગાઈશું ? પ્રેમના બળથી નિયમપાલનમાંથી સંતને જરીક વાળનારની કે પ્રેમવશ થઈ નિયમને જડતાથી ન વળગીને વાળ્યા વળનારની ?

## ૩૯

ગાંધીજીને તો આચરણ એ જ પ્રવચન. છેલ્લા વરસમાં બંગાળમાં કોઈએ સંદેશો માગ્યો ત્યારે એમણે બંગાળીમાં 'અમાર જીવનઇ આમાર વાણી' – મારું જીવન એ જ મારો સંદેશ છે એમ લખી આપ્યું હતું.

આફ્રિકાથી હિંદ આવ્યા પછી પહેલી વાર જેલમાં ગયા ત્યારે

આપણા દેશના ખેડૂતની જેમ સવારે વહેલા ચાર વાગ્યે ઊઠતા અને આખો દિવસ કામ કરતા. આમજનતા પરિશ્રમ કરીને પરસેવાનો રોટલો ખાય છે એની સાથે પોતાનું તાદાત્મ્ય સાધવા ચાર કલાક રેંટિયો કાંતવાનું અને બે કલાક પીંજવાનું એમ રોજ છ કલાક શ્રમકાર્ય કરતા.

એમની સાથે જેલમાં શ્રી શંકરલાલ બૅંકરને મૂકવામાં આવ્યા ત્યારે એમને માટે ગાંધીજીએ તરત સમયપત્રક ગોઠવી આપ્યું. શ્રી શંકરલાલભાઈ પણ બે કલાક કાંતતા.

શંકરલાલભાઈને છૂટવાનો સમય આવ્યો. બાપુએ એમને જેલના સહવાસમાં એક રીતે નવું જીવન જ આપ્યું હતું. ગદ્‌ગદભાવે તેઓ એ વિશે બોલી રહ્યા હતા.

સાંભળીને બાપુ કહે : અહીંના મારી સાથેના જીવનથી તમને લાભ થયો છે એમ લાગે તો બહાર જાઓ ત્યારે અહીંના આ જીવન વિશે લોકોને વાત કરજો.

'જરૂર, એ વિશે તો સહુને વાત કરીશ જ. એથી એમને લાભ પણ થશે એમ માનું છું.'

ત્યાં ગાંધીજીએ તરત પ્રશ્ન કર્યો : એ વાત સાંભળી લોકો શું કહેશે તે જાણો છો ને ?

'એનો વિચાર મેં કર્યો નથી.'

મનુષ્ય-સ્વભાવને, મનુષ્યની કમજોરીઓને બાપુ બરોબર ઓળખે. મહાજનોને અનુસરવા કરતાં માન આપીને અભરાઈએ ચડાવી દેવામાં મનુષ્ય પાવરધો છે. બાપુએ કહ્યું : જુઓ, હું કહું. લોક તો કહેશે કે એ તો મહાત્મા રહ્યા. એવું જીવન તેઓ જ જીવી શકે. અમારાથી થોડું એવું કંઈ થઈ શકે ?

શંકરલાલભાઈના મનમાં એ વાત ઊતરી : ખરું છે. લોકોને એમ

લાગે ને એમ જ કહે.

બાપુ : તો તમે એ વિશે એમને શું કહેશો ?

શંકરલાલભાઈ : એ બાબતનો મેં કશો જ વિચાર કર્યો નથી. એટલે હું શું કહું ?

બાપુએ એમને કહ્યું : કોઈ તમને એમ કહે તો કહેજો કે હું કાંઈ પહેલેથી મહાત્મા જન્મ્યો નહોતો. મારામાં પણ અનેક દોષો હતા અને તે દૂર કરવા કાળજીપૂર્વક સતત પ્રયત્ન કરતો રહ્યો. વાણિયો જેમ અડધી અડધી એકઠી કરી શાહુકાર બને તેમ સદ્‌ગુણો કેળવતો ગયો અને આજે સ્થિતિ એવી થઈ છે કે લોકો મને મહાત્મા કહે છે, જોકે એનાથી હું હજીયે ઘણો દૂર છું. એટલે સર્વે માણસો માટે એ ધોરી માર્ગ છે ને દરેક જણ વિચાર કરીને શ્રદ્ધાપૂર્વક દઢતાથી એ દિશામાં પ્રયત્ન કરે તો જરૂર આગળ વધી શકે.

## ૪૦

વૉર્ડર આદન એક હાથે અપંગ હતો, પણ ગાંધીજી સાથે કાંતવા-પીંજવામાં ભારે ઉદ્યમ અને ખંતપૂર્વક જોડાય. પૂણીઓ બનાવવાની કળામાં એ પૂરો પ્રવીણ બન્યો અને એ કામ માટે એને ખૂબ ઉમળકો પણ છૂટતો.

કાંતવાનું થોડાક મહિના ચાલ્યા પછી ગાંધીજીની આંખો દુખવા આવી. ડૉક્ટરે આંખોને આરામ આપવાનું સૂચવ્યું. પણ ગાંધીજી સાંભળે તો ને ?

આદન દુ:ખી દુ:ખી થઈ ગયો. ગાંધીજીને સમજાવવા લાગ્યા : કામ કમ કર દેના ચાહિયે.

ગાંધીજીએ એની વાત સાંભળીને કહ્યું : દેખો. આદન, યહ આફતાબ (સૂર્ય) અપના કામ કભી છોડતા નહીં, ઠીક વક્ત પર

નિકલતા હૈ ઔર સારી દુનિયા કો રોશની દેતા હૈ. તો હમ સબ અપના કામ ક્યોં છોડેં ?

આદન બિચારો શું બોલે ? ચૂપ રહ્યો. ગાંધીજીની તબિયતની એને ખૂબ ચિંતા રહેતી. થોડા દિવસ પછી તબિયત કંઈક વધુ બગડી. એમણે ખોરાક ઓછો કર્યો. રોટીના ચાર ટુકડા રોજ લેતા, હવે બે જ આપવા આદનને કહ્યું.

આદન તો ગાંધીજીની સામે જ જોઈ રહ્યો. ધીરેથી કહેવા લાગ્યો : મહારાજ, આફતાબ તો કાનૂન કો છોડતા નહીં હૈં, તો આપ રોટી કૈસે કમ કર સકતે હૈં ?

આદનની દલીલ સાંભળી ગાંધીજી હસી પડ્યા.

ગાંધીજી લખે છે : 'એનું હેત મારાં કીમતીમાં કીમતી સંસ્મરણોમાં રહેશે.'

## ૪૧

દક્ષિણ આફ્રિકાથી હિંદ પાછા ફર્યા પછી પોતાના થોડાક સાથીઓ સાથે એક વાર ગાંધીજી ગાડીમાં મુસાફરી કરી રહ્યા હતા. અલબત્ત, સૌ ત્રીજા વર્ગના ડબામાં હતા. જાજરૂ અસ્વચ્છ જોઈને એ સાફ કરવાનો ગાંધીજીએ સાથીઓ આગળ પ્રસ્તાવ મૂક્યો.

પણ પાણીની ટાંકી ખાલી હતી. મંડળી પાસે એક લોટો પાણી ભરેલો હતો એ જ.

ગાંધીજીએ એક છાપું લીધું. બોલ્યા : ચાલો, આ છાપાની મદદથી પાણીના માત્ર એક લોટા વડે આખું જાજરૂ કેમ સ્વચ્છ થઈ શકે છે એ બતાવું.

અને પછી પોતાને હાથે જાજરૂની બધી ગંદકી સાફ કરી સ્વચ્છતા-કાર્યનો એક પદાર્થપાઠ સાથીઓને આપ્યો.

યરવડા જેલમાં ગાંધીજીનાં કપડાં એમના સાથી શંકરલાલભાઈ ધોતા. એક દિવસ ગાંધીજીએ ધીરેથી એમને કહ્યું : તમે કપડાં ધોવાનું રહેવા દો. હું ધોઈ લઈશ.

ધોવામાં કંઈ ઊણપ રહે છે કે શું એ અંગે શંકરલાલભાઈએ પૂછ્યું.

ગાંધીજીએ સંતોષથી કહ્યું : કપડાં તો બરોબર ધોવાય છે, પણ મને લાગે છે કે સાબુ કાંઈક વધારે પડતો વપરાઈ જાય છે. હું બમણા દિવસ એટલો સાબુ ચલાવું.

શંકરલાલભાઈએ કહ્યું : હવે કરકસરથી વાપરીશ. એમને એમ કે સાબુ ભલે થોડો વપરાય પણ કપડાં બરોબર ઊજળાં થવાં જોઈએ. હવે કરકસરની દષ્ટિ એ પામ્યા.

કરકસરની દષ્ટિ પાછળ કલ્પનાશક્તિ કામ કરતી હોય છે. ત્રેવડ એટલે જ અગાઉથી વિચાર કરવો તે.

એક સવારે ગાંધીજી કહે : શંકરલાલ, આજે સગડી ન સળગાવતા. પાણી ગરમ નથી કરવું.

શંકરલાલભાઈએ પૂછ્યું : કેમ ?

ગાંધીજીએ કહ્યું : રાતના ઓરડામાં ફાનસ રહે છે. મને વિચાર આવ્યો કે તેની ઉપર પાણી ભરીને ટમલર મૂકી રાખું તો પાણી સવાર સુધીમાં ગરમ થઈ રહેશે. પ્રયોગ સફળ થયો. પાણી મારે પીવા જેવું ગરમ થઈ ગયું છે.

શંકરલાલભાઈને સહેજ માઠું લાગ્યું. એમણે કહ્યું કે વહેલી સવારે સગડી સળગાવવામાં મને શ્રમ પડતો હશે એમ માનીને તો આપ આવું કરતા નથી ને ? હું આપને સંતોષ આપી શકતો નથી એમ મને લાગે છે.

ગાંધીજીએ કહ્યું : તમે તો સારી રીતે તૈયાર કરતા હતા. પણ આ તો એક પ્રયોગ કરી જોયો કે આ રીતે સળગતા ફાનસ પર પાણી ગરમ કરી લીધું હોય તો કેવું. એટલા કોલસા બચ્યા. એમાં માઠું લગાડવા જેવું કંઈ જ નથી.

૪૩

યરવડા જેલમાં પોતાના સાથી શ્રી શંકરલાલ બૅંકરને ગાંધીજીએ પૂછ્યું : તમે ગીતા વાંચી છે ? જાણવા મળ્યું કે એમણે વિદ્યાર્થી અવસ્થામાં વાંચેલી પણ આજે એનો બરાબર ખ્યાલ નથી. ગાંધીજીએ બીજો સવાલ પૂછ્યો : સંસ્કૃતમાં વાંચી છે ?

જવાબ મળ્યો : ના. બીજી ભાષા ફ્રેંચ હતી. સંસ્કૃતનો પરિચય નથી.

ગાંધીજીએ કહ્યું : ગીતા તો સંસ્કૃતમાં જ વાંચવી જોઈએ. ગીતા સમજવા જેટલું સંસ્કૃત તો તમે સહેજે કરી શકો.

'હવે આટલી ઉંમરે સંસ્કૃત શીખવું મુશ્કેલ.'

'એમાં કશી મુશ્કેલી નથી. હું તમને શીખવી શકું.' ગાંધીજીએ બીડું ઝડપ્યું. ગાંધીજી પોતાને શિક્ષક માનતા. આફ્રિકામાં એક ડ્રાઈવરને એ અંગ્રેજી શીખે તો વધુ પગાર મળે એવું હતું. ગાંધીજી થોડા માઈલ ચાલીને એને ભણાવવા જતા.

પછી તો જેલમાં ભાંડારકરની 'માર્ગોપદેશિકા' આવી અને ભણવાનો રીતસરનો કાર્યક્રમ ચાલ્યો. રોજનો એક કલાક આપીને આખું પુસ્તક પૂરું કરાવ્યું. 'ગીતા વાંચવા માટે આ પૂરતું છે.'

ગીતાનું વાચન શરૂ થયું. વાંચતાં હ્રસ્વદીર્ઘ ઉચ્ચાર ઉપર બાપુ ખૂબ ધ્યાન આપે. થોડા દિવસોમાં ગીતા પૂરી થઈ. બાપુએ કહ્યું : હવે રોજ એક અધ્યાયનો પાઠ કરજો.

શંકરલાલભાઈ નવા જમાનાના માણસ. કહે : 'એ શા માટે ? આપની સાથે આખીય ગીતા સારી રીતે વાંચીને સમજી લીધી છે. હવે રોજ પાઠ શા માટે ?'

બાપુ : આ એક એવું પુસ્તક છે કે જેનું રોજ ને રોજ અધ્યયન કરવા જેવું છે. એમાંથી તમને રોજ રોજ નવાં સત્યો મળતાં રહેશે.

શંકરલાલભાઈ હજી કંઈક સાશંક લાગ્યા. બાપુએ પૂછ્યું : તમારે મિત્ર કેટલા છે ?

'ઘણાય મિત્રો છે.'

'એમાંથી જ્યારે તમે સંકટમાં આવી પડ્યા હો ત્યારે મદદ કરે એવા કેટલા ?'

શંકરલાલભાઈ વિચારમાં પડી ગયા અને નિખાલસ ઉત્તર આપ્યો : એવા તો કોઈયે નહીં. કદાચ કોઈ મદદ કરે પણ ખરા અને ન પણ કરે. આજના જમાનામાં મિત્રો વિશે કશુંય ન કહેવાય.

ગાંધીજીએ પોતાની વાત શંકરલાલભાઈના આ નિખાલસ એકરાર સાથે સાંધી લીધી. પુસ્તકોનું પણ એવું જ તો. ઘણાં બધાં પુસ્તકો વાંચીએ પણ સંકટ સમયે એ ઓછાં કામ આવવાનાં હતાં ? સંકટ સમયે કામ આવે એ પુસ્તક સાચું. આ ગીતા એ એવું એક પુસ્તક છે.

## ૪૪

ચરવડા જેલમાં ગાંધીજી એક દિવસ સવારે સાથીને કહેવા લાગ્યા : આજે મોડી રાત સુધી હું ઊંઘ્યો નથી.

'કેમ ?'

'હું સૂવા ગયો તે પછી થોડી વારમાં પાછળની જાળીમાં કંઈક અવાજ થવા લાગ્યો. જોઉં છું તો સાપ જેવું મોઢું દેખાય.'

'વૉર્ડર (કેદી-ચોકીદાર) બહાર સૂએ છે તેને બોલાવવો હતો ને ?'

'એ તો હુંયે સમજું ના ? પણ એને બોલાવું એટલે એ બીજાને બોલાવે અને એ બધા મળીને સાપને મારી નાખે. મેં તો એમ વિચાર્યું કે અંદર આવી કરડવાનો હોય તો ભલે કરડે, પણ વૉર્ડરને તો ન જ બોલાવું. પણ પછી મને એવો વિચાર આવ્યો કે અંદર આવીને કરડે તો મારું તો જે થવાનું હોય તે થાય, પણ સાપ પાછો બહાર જાય અને ઝેરી હોય ને વૉર્ડરને પણ કરડે તો તેનું મૃત્યુ નીપજે. એટલે મને પ્રશ્ન થયો કે આ પરિસ્થિતિમાં મારો ધર્મ શો ? જો નથી કહેતો તો વૉર્ડરનો જાન જોખમમાં મુકાય છે, કહું તો વૉર્ડર તેનો જાન લીધા વગર રહેવાનો નથી.'

'પછી શું થયું ?'

'આવી ગડમથલ મનમાં ચાલતી હતી એવામાં ચંદ્રમા ઉપર આવ્યો. જાળી પર ચંદ્રમાનું અજવાળું પડ્યું અને જોઉં છું તો પેલું ડોકું તે સાપનું નહીં પણ કાચંડાનું હતું. તે પછી હું ઊંઘ્યો.'

સાથીએ કહ્યું કે સાપ જેવા ઝેરી પ્રાણીને મારી નાખવામાં આવે એમાં શું ખોટું !

ગાંધીજીએ પોતાને શ્રીમદ્ રાજચંદ્રે વર્ષો પર આ બાબતમાં જે જણાવેલું તેની વાત કરી. શ્રીમદે કહેલું કે જેમ આપણને આપણો જીવ વહાલો છે તેમ એ પ્રાણીઓને પણ પોતાનો જીવ વહાલો હોય જ તેથી ખરી અહિંસા તો એ બતાવે છે કે આપણું થવાનું હોય તે થાય પણ તેનો જીવ લેવો જોઈએ નહીં.

## ૪૫

જર્મન સ્થપતિ કેલનબૅક ગાંધીજીની જીવનરીતિથી આકર્ષાઈને તેમના સાથી બન્યા હતા. ગાંધીજી બીજી વાર જેલમાંથી છૂટવાના હતા તે દિવસે કેલનબૅક એક નવી મોટર ખરીદીને એમને લેવા માટે જેલને દરવાજે જઈને ઊભા.

ગાંધીજી જેલમાંથી બહાર આવ્યા. બધાને મળ્યા. કેલનબૅકે મોટરમાં બેસવા વિનંતી કરી.

ગાંધીજીએ પૂછ્યું : કોની મોટર છે ?

'મારી છે. સીધો ખરીદીને અહીં લાવ્યો છું.'

'શા માટે ખરીદી ?'

કેલનબૅકનો ઉત્સાહ થોડોક ઓસર્યો. સંકોચપૂર્વક બોલ્યા : આપને લઈ જવા માટે.

ગાંધીજીએ તરત મિત્ર પાસે માગણી મૂકી : આ મોટર તમે અત્યારે ને અત્યારે જ લિલામ કરવાના મથક પર મૂકી આવો. મારે માટે તમને મોહ કેમ ઊપજ્યો ? હું એમાં બેસવાનો નથી. તમે મોટર મૂકીને પાછા આવો ત્યાં સુધી હું અહીં જ ઊભો છું.

કેલનબૅક તરત મોટર લિલામ-મથકે મૂકી આવ્યા. એ પાછા ફર્યા ત્યાં સુધી ગાંધીજી અને એમને લેવા આવેલા સૌ જેલને બારણે જ ઊભા રહ્યા. કેલનબૅક આવ્યા પછી એમની સાથે સૌ પગપાળા મુકામ પર ગયા.

## ૪૬

ખાદીકામ માટે પૈસા ઉઘરાવવા ગાંધીજી ઓરિસામાં યાત્રા કરી રહ્યા હતા.

એક સભામાં ગાંધીજી બેઠા હતા. ત્યાં એક અત્યંત ઘરડી બાઈ આવી. વાળ સફેદ પૂણી જેવા હતા. કમ્મર વાંકી વળી ગઈ હતી. સ્વયંસેવકો સાથે ઝઘડીને એ અંદર ગાંધીજી પાસે આવી પહોંચી હતી.

આપનાં દર્શન કરવાં છે – કહીને એ ગાંધીજીને પગે લાગી અને પછી એણે એની ઓટીમાંથી એક અડધી કાઢી ગાંધીજીના પગ આગળ મૂકી. પછી શાંતિથી એ ચાલી ગઈ.

બાઈએ અડધી મૂકી તે ગાંધીજીએ તરત ઉપાડી લીધી અને પોતાની ઓટીમાં ખોસી દીધી.

બધો હિસાબ રાખનાર શેઠ જમનાલાલ બજાજ પાસે જ બેઠા હતા. કહે : મને એ અડધી આપી દો.

ગાંધીજીએ કહ્યું : એ તમને નહીં આપી શકાય.

જમનાલાલજી : ચરખા સંઘના હજારોના ચેક હું લઉં છું અને આ અડધીનો આપને વિશ્વાસ નથી આવતો ?

ગાંધીજીએ કહ્યું : આ અડધી તો હજારો રૂપિયાથી વધારે છે. માણસ પાસે લાખો હોય તેમાંથી હજાર આપી દે એ મોટી વાત નથી. પણ આ ઘરડી, ગરીબ, ચીંથરેહાલ બાઈએ અડધી આપી તેનો જીવ કેટલો ઉદાર હશે ! તેની આ અડધી તો કરોડો કરતાં વધારે છે.

## ૪૭

ફિનિક્સ આશ્રમથી અગિયારેક માઈલ દૂર વેરૂલમમાં એક પૈસાપાત્ર હિંદીની સખાવતથી લક્ષ્મીનારાયણનું મંદિર બાંધવામાં આવ્યું હતું. ગાંધીજીને તેનું ઉદ્‌ઘાટન કરવા બોલાવ્યા. પ્રેમવશ થઈ એમણે હા પાડી.

નિમંત્રણ આપવા આવનારાઓએ સૌ આશ્રમવાસીઓ આવે એવો આગ્રહ કર્યો. રેલભાડું પોતે આપશે એમ કહ્યું. પોતાની પાસે પૂરતું ભંડોળ છે એની પણ ખાતરી આપી.

ગાંધીજીની રીત તો ન્યારી જ. એમણે હસીને કહ્યું : સારું, રેલભાડું આપજો પણ હું તમને જણાવી દઉં છું કે અમે રેલભાડું લઈશું પણ આવીશું ચાલતા. ભાડાની બચત સંસ્થા ખાતે જમા થશે.

સ્ટેશને સ્વાગતની વ્યવસ્થા કરેલી એટલે એક સ્ટેશન અગાઉથી ગાંધીજી એકલા ગાડીમાં વેરૂલમ જાય એવી વ્યવસ્થા નક્કી કરવામાં આવી.

મંદિર રૂડી રીતે ખુલ્લું મુકાયું. લોકોના આનંદ-ઉત્સાહ માતા ન હતા. પણ મંદિર લક્ષ્મીનારાયણનું રહ્યું. લક્ષ્મીએ ગાંધીજી માટે પ્રશ્ન ઊભો કર્યો. ઉદ્‌ઘાટનનાં ચાંદીનાં તાળાકૂંચી ગાંધીજીને આપવામાં આવ્યાં. અને સાથે સાથે એમને સોનાના પતરાથી મઢેલું ગીતાનું પુસ્તક ભેટ આપવામાં આવ્યું.

ગાંધીજીએ ભેગા થયેલા સમુદાય આગળ હૃદય ઠાલવ્યું : આ ચાંદીનાં તાળાકૂંચી અને મઢેલી ગીતા તમે મને આપ્યાં અને મારી ચિંતામાં ઉમેરો કર્યો છે. હું એ બધું ક્યાં રાખીશ ? આ તો હીરાને કથીરથી મઢીને આપવા જેવું થયું છે. ગીતા પોતે ઝગમગતું રત્ન છે. સોના જેવી જડ વસ્તુથી એની શી શોભા વધવાની હતી ? હવે આ ગીતાને હું મારી પાસે નહીં રાખી શકું. કોઈ લઈ ન જાય એની કાળજી મારે રાખ્યા કરવી પડશે. ગીતા તો અનાસક્તિ શીખવે છે. અને તમે તો મને આસક્તિમાં નાખ્યો ! પણ હું હવે પાવરધો થયો છું. તેનો રસ્તો કરી લઈશ.

એ ચાંદી ને સોનાની રકમ ઉપજાવીને ફિનિક્સ આશ્રમને ખાતે જમા કરાવી ગાંધીજી તો હતા તેવા – તેથીયે વધુ હળવા થયા.

## ૪૮

૧૯૨૨માં યરવડા જેલમાં ગાંધીજીને રાખ્યા હતા, ત્યારે જેલના સુપરિન્ટેન્ડેન્ટ મેજર જોન્સને થયું કે ગાંધીજીને રહેવાની જગ્યાનું થાળું નીચું હતું એટલે ભેજ લાગે છે તો યુરોપીય કેદીઓને રાખવામાં આવે છે ત્યાં એમને ખસેડવા. એ મકાનનું તળ ઊંચું

હતું. ઓસરી હતી. કંપાઉન્ડમાં ફૂલો હતાં. મેજર જોન્સે દરખાસ્ત મૂકી, ગાંધીજીએ હા પાડી. જગા બદલાઈ.

સાંજના સમયે પોતાના સાથી શંકરલાલ બૅંકરને ગાંધીજી કહેવા લાગ્યા : આપણે આપણી જૂની ઓરડીઓમાં પાછા જવું જોઈએ. આપણે અહીં આવ્યા એ ઠીક કર્યું નથી. સુપરિન્ટેન્ડેન્ટને કેદીઓની હેરફેરની સત્તા છે, પણ મારે માટે નહીં હોય. મારે માટે તો જગ્યા સરકારે નક્કી કરેલી હશે, અને એનાથી એ ફેરવાય નહીં. એમણે જરૂર ભૂલ કરી છે ને સરકારને એની જાણ થાય તો એમને સહન કરવું પડે. મારો તો ધર્મ છે કે મારે એમને બચાવવા.

જ્યારે આ વસ્તુ સુપરિન્ટેન્ડેન્ટ આગળ મૂકવામાં આવી ત્યારે તરત તો એને ગળે ઊતરી નહીં. એ તો કહે કે હું સુપરિન્ટેન્ડેન્ટ છું, મને પૂરી સત્તા છે. સરકારને મારું કામ પસંદ નહીં પડે ને દખલ કરશે તો રાજીનામું આપીશ.

ગાંધીજી : તમે કહો છો તેવી સત્તા તમને ખરી, પણ તે સામાન્ય કેદીઓ માટે. મારે માટે નયે હોય. અમને પાછા જૂની જગાએ ખસેડો.

બંને જણા પોતાની વાતમાં મક્કમ હતા. છેવટે ગાંધીજીએ કહ્યું : તમારી લાગણી સમજું છું અને એની મને કદર પણ છે, માત્ર સરકારની શી ઇચ્છા છે તે જાણી લઈએ તો સારું. એટલે હમણાં અમને પાછા ત્યાં લઈ જાઓ અને ગૃહમંત્રી સાથે વાત કરો. અમારી શંકા અસ્થાને છે એમ જણાય તો અમને પાછા અહીં લઈ આવજો.

ગાંધીજીના આ પ્રસ્તાવથી મેજર જોન્સ રાજી થયા અને એમને જૂની જગાએ લઈ ગયા. ત્રણચાર દિવસ પછી મેજર જોન્સ આવ્યા અને ગાંધીજીએ દાખવેલી દીર્ઘદષ્ટિ અને સૌજન્યભરી કાળજી માટે

આભાર માનવા લાગ્યા : તમારી વાત સાચી નીકળી. આ વિભાગમાં તમને રાખવાનું સરકાર તરફથી જ નક્કી થયું છે. સરકારની રજા વગર તમને બીજે રાખ્યા હોત તો હું સારી પેઠે મુશ્કેલીમાં આવી પડત. હું પણ એક રીતે હઠીલો માણસ છું અને સરકાર મારા નિર્ણયને ઉથલાવત તો મારે રાજીનામું જ આપવાનું રહેત. તમે યોગ્ય સલાહ આપી તે માટે ખૂબ ખૂબ આભારી છું.

## ૪૯

ખાન અબ્દુલ ગફ્ફારખાન મોડેથી ૧૯૩૪માં જેલમાંથી છૂટ્યા, ત્યારે બાપુએ એમને આરામ માટે પોતાની પાસે વર્ધા બોલાવ્યા. તેઓ આવીને વર્ધામાં જમનલાલજીને ત્યાં રહ્યા. સાથે એમનાં બાળકો પણ હતાં. પ્રાર્થના વખતે બધાં બાપુ પાસે જાય.

બાપુની વરસગાંઠનો દિવસ હતો. બાપુએ બધાંને જમવા રોક્યાં. ભોજન પછી ખાનસાહેબના દીકરા ગનીએ બાપુને કહ્યું : આજે અહીં આવ્યો એટલે મને બહુ આનંદ થયો. મને થયું કે આજે તો બાપુની વરસગાંઠ છે. ખાવાની મજાની વાનગીઓ પુલાવ, મુર્ગી વગેરે મળશે. પણ, જુઓને, આજે પણ, એનું એ રોજનું કદુ (કોળું) નીકળ્યું. વધારામાં આજે તો માત્ર ઉકાળેલું !

સાંભળીને ગાંધીજી ખડખડાટ હસી પડ્યા. પછી ખાનસાહેબને બાજુ ઉપર લઈ જઈને બોલ્યા : જુઓ, આ તો છોકરાં છે. આપણે એમને ગમતું ખાવાનું આપવું જોઈએ. આપણે એને માટે માંસ, ઈંડાં, જોઈએ તે રંધાવી દઈએ.

ખાનસાહેબે બાપુને કહ્યું : બાપુ એ તો ટીખળ કરે છે ટીખળ. અમે જ્યાં જઈએ છીએ ત્યાં યજમાન પોતે ખાતા હોય તે જ ખોરાક લે છે. આપ બીજું કાંઈ આપવા જશો તોય તેઓ એને અડકશે નહીં.

ખાનસાહેબે ના પાડી તેમ તેમનાં બાળકોએ પણ બીજો ખોરાક લેવાનો ઈન્કાર કર્યો.

## ૫૦

દેશના ભાગલા પછીનાં હુલ્લડો વખતે ખાન અબ્દુલ ગફ્ફારખાન સાથે ગાંધીજી બિહારમાં ગામડામાં પ્રવાસ કરી રહ્યા હતા. કેટલાક મુસલમાન નિરાશ્રિતો બાપુ પાસે આવ્યા. કહે : ગાંધીજી, અમે શું કરીએ ? અહીં ચારે કોર એટલી બધી હિંસા, મારફાડ, બિનસલામતી છે !

ગાંધીજીએ કહ્યું : હું તો માત્ર બહાદુરીનો પદાર્થપાઠ શીખવી શકું. તમારે તમારાં ઘરોમાં પાછા જવું જોઈએ.

તેઓએ હેબતાઈ જઈને પૂછ્યું : એ તે અમારાથી શે બને ? અમારી કતલ નહીં થાય એની ગૅરંટી શી ?

ગાંધીજી બોલ્યા : હું તમને શી ગૅરંટી દઈ શકું ? પણ તમારામાંથી કોઈની પણ હત્યા થવા પામી તો હિંદુઓને એની કિંમત ગાંધીની જિંદગી વડે ચૂકવવી રહેશે. માત્ર આટલી ખાતરી તમને હું આપી શકું.

બધાને આ સાંભળીને હિંમત આવી. સૌ પોતપોતાને ઘેર ગયા.

સાંજની પ્રાર્થનાસભામાં ગાંધીજીએ કહ્યું : આ સ્થળના મુસલમાનોને મેં ખાતરી આપી છે કે તેમનામાંથી કોઈની પણ હત્યા થઈ તો બિહારના હિંદુઓએ એની કિંમત ગાંધીની જિંદગી વડે ચૂકવવી પડશે.

ગાંધીજીના મુખમાંથી સાંભળનારાંઓનાં હૃદય પ્રતિ ધસતા આ શબ્દો માત્ર ન હતા. નરી સહૃદયતા, નરી કરુણા એ હતી અને સૌ સાંભળનારને પોતાના પ્રવાહમાં લપેટી લઈ હૃદયના વિસંવાદોનું – વૈરવૃત્તિઓનું શમન કરી રહી હતી.

## ૫૧

આફ્રિકાથી પાછા ફર્યા પછી અમદાવાદમાં પોતાના મિત્ર બૅરિસ્ટર જીવણલાલને ત્યાં ગાંધીજી ઊતર્યા હતા. અમદાવાદમાં જ આશ્રમ સ્થાપવાનો વિચાર મનમાં ઘોળાતો હતો. દેશસેવાની લડાઈનું સ્વરૂપ હજી મનમાં સ્પષ્ટ ઊપસ્યું ન હતું.

એક સાંજે જીવણલાલ ઘેર આવીને હસતાં હસતાં કહે : ગાંધી, તમારી તો કીર્તિ ચારે કોર પ્રસરવા માંડી !

પછી એમણે માંડીને વાત કરી : આજે મારા એક વકીલ મિત્ર મળ્યા. એલિસપુલ ઉપર ચાલતા ચાલતા આવતા હતા. આગળ બે જણા વાતો કરે. તેમાં એક હતો આપણો રસોઈયો. એ એના ભાઈબંધને કહે, અમારે ત્યાં એક આવ્યો છે કોઈક આફ્રિકાથી. દસબાર કેળાં એને નાસ્તામાં જોઈએ. આખો દિવસ બેસી રહે છે. કહે છે કે બૅરિસ્ટર છે. પણ કશું જ કામ કરતો નથી. લો, જોયું ને ગાંધી, અમે તો તમારી આબરૂ વધારવા માંડી !

અને બૅરિસ્ટર મિત્ર સરળ ભાવે ખડખડાટ હસી રહ્યા. ગાંધી પણ એમાં ભળ્યા.

પણ પછી એકદમ ગંભીર થઈને કહે : એની વાત એક રીતે સાચી છે, હું કશું જ કામ કરતો નથી. પણ આ દિવસોમાં ક્ષણેક્ષણ હું શું કરી રહ્યો છું એ કહું ? જેમ કોઈ સેનાપતિ દુશ્મનના કોટ-કિલ્લાની સામે ઊભો ઊભો નિરંતર એ ચિંતવન કરી રહે કે આમાંથી કઈ કાંકરી ખેરવું, કયો પથ્થર ખેસવું તો ગાબડું પડે અને અંદર આખું લશ્કરનું લશ્કર ઘુસાડી દઉં – એમ પણ હું લગાતાર એ જ એક વાત ચિંતવી રહ્યો છું કે આ બ્રિટિશ સલ્તનતની સત્તાના વજ્રકોટમાં ક્યાં છીંડું પાડું.

અને થોડા સમય પછી એલિસપુલ પાસેના જીવણલાલ બૅરિસ્ટરે આપેલ એમના મકાનમાં ગાંધીજીએ આશ્રમ શરૂ કર્યો.

## ૫૨

કર્મવીર ગાંધી આફ્રિકાથી તાજા જ દેશમાં આવેલા છે. અમદાવાદ કોચરબમાં એમણે આશ્રમ શરૂ કર્યો છે અને દેશની સેવાનાં કાર્યો હાથ ધરવા માંડ્યાં છે.

શહેરના એક વકીલ દેશસેવાનું કામ મેળવવા ગાંધીજી પાસે આશ્રમમાં આવ્યા. ગાંધીજી એ વખતે રસોડામાં અનાજ સાફ કરવાના કામમાં ગૂંથાયેલા હતા. મહેમાન વકીલનું સ્વાગત કરી ગાંધીજીએ એમને બેસવા સાદડીનું આસન ભોંય પર પાથર્યું અને કહ્યું, બેસો.

વકીલ કોટપાટલૂનમાં સજ્જ હતા. ઊભા ઊભા જ બોલ્યા : હું કાંઈ બેસવા આવ્યો નથી. મારે તો કામ જોઈએ છે. મારા સરખું કાંઈક કામ આપ મને આપશો એ આશાએ હું અત્યારે આશ્રમમાં આવ્યો છું.

ગાંધીજીએ કહ્યું : ઘણા આનંદની વાત છે. એમ કહી એમની આગળ અનાજની ઢગલી કરી અને કહ્યું : એકે કાંકરી ન રહે એ રીતે સાફ કરજો.

વકીલ તો આભા બની ગયા. અનાજ સાફ કરવાનું કામ તો નોકરોનું કે સ્ત્રીઓનું – એવા એમના સંસ્કાર હતા. કચવાતા કચવાતા એ બોલ્યા : આવું અનાજ સાફ કરવાનું કામ મારે કરવાનું છે ?

ગાંધીજીએ કહ્યું : 'હા, હાલમાં મારી પાસે એ જ કામ છે.'

વકીલની બુદ્ધિ તો કમ હતી જ નહીં. એ સમજ્યા કે આ નેતા જુદી જ જાતના છે. અને નાના કે મોટા કામમાં ભેદ ગણતા નથી અને નાનાંમોટાં સૌ કોઈ હિંદવાસીઓ ગમે તે કામ કરવાની તત્પરતા અને સજ્જતાવાળા હોય એ એમને જોવું છે.

તેઓ ગાંધીજીના સાંનિધ્યમાં અનાજમાંથી વિણામણ કાઢતા ગયા તેમ તેમ પોતાના જીવનમાંથી પણ રૂઢ જડ ખ્યાલોને વીણી વીણીને દૂર કરવાની પ્રેરણા પામતા ગયા.

## ૫૩

સાબરમતી આશ્રમમાં મહાસભાની કારોબારીની મહત્ત્વની બેઠક ચાલી રહી હતી.

ત્યાં એકાએક એક આશ્રમવાસી દોડતો દોડતો આવ્યો અને બૂમ પાડવા લાગ્યો : ઓ મરી ગયો રે ! પેટમાં કંઈક થાય છે !

બાપુ કારોબારીની બેઠકમાંથી એકદમ ઊભા થયા અને તેની પાસે ગયા. બાજુએ લઈ જઈ સુવાડી એની પીડા સમજવા પ્રયત્ન કર્યો અને ઉપચાર આદર્યો.

થોડી વાર પછી કારોબારીના મહાન નેતાઓની વચ્ચે પાછા આવ્યા ત્યારે કોઈકે જરા મજાક કરી લીધી : આવા પાગલને આવે સમયે બાપુ આટલાં લાડ કરે !

બાપુએ શાંતિથી કહ્યું : પાગલ સિવાય મારી પાસે કોણ બીજું આવવાનું હતું ? અને મારી પાસે આવ્યો એટલે મારા ઘરનો થયો. ઘરના માણસને અહીં મારી ઉપર સૌથી પહેલો હક.

## ૫૪

સમય જાળવવામાં ગાંધીજી ઘણા જ ચોક્કસ હતા. ગોધરા રાજકીય પરિષદમાં તિલક મહારાજને આવતાં અર્ધો કલાક મોડું થયું. એ પ્રસંગે એમણે કહેલું : સ્વરાજ અર્ધો કલાક મોડું આવશે.

સમય જાળવવા અંગે પોતે ચારે બાજુથી વિચાર કરીને વ્યવસ્થા રાખતા. ચંપારણમાં એમની સામે કેસ ચાલવાનો હતો. અગિયાર

વાગ્યાનો સમય નક્કી થયેલો. જવા માટે ઘોડાગાડીની વ્યવસ્થા કરવાની હતી. ગાંધીજીએ સાડા દસે ગાડી આવવી જોઈએ એમ કહ્યું. સાથીઓએ કહ્યું : ઘોડાગાડી માટે અર્ધા કલાકનો રસ્તો નથી. એટલી બધી વહેલી શા માટે મંગાવવી ? ગાંધીજીએ કહ્યું : સાડા દસે ઘોડાગાડી ન આવી તો ? ચાલીને હું કોર્ટે પહોંચી શકું એટલો સમય મારે હાથ પર રાખવો જોઈએ.

કોઈ અણધારી ઘટના અથવા તો આપણા લોકોની સમય જાળવવા અંગેની બેદરકારી પોતાના સમયપાલન આડે ન જ આવી શકે એની તકેદારી રાખીને પોતે ચાલતા.

## ૫૫

અમદાવાદના પ્રેમાભાઈ હૉલમાં ગુજરાતી સાહિત્ય પરિષદ ગાંધીજીના પ્રમુખપદે મળી રહી હતી. હૉલ ખીચોખીચ ભરાયેલો હતો. ગાંધીજીનું ભાષણ શરૂ થયું. સભામાંથી 'માઇક !' 'માઇક !' – એવા અવાજો આવ્યા.

ગાંધીજીએ કહ્યું : શાંતિ રાખો ને સાંભળો. સંભળાશે. સંભળાય છે ને હવે ?

છેક સામેની દીવાલને અઢેલીને ઊભેલા એક કાર્યકરે કહ્યું : ના જી, નથી સંભળાતું !

ગાંધીજી : તો આ કેવી રીતે સંભળાયું ? અને આખી સભા ખડખડાટ હસી પડી.

હાસ્યનાં મોજાં શમ્યાં અને પાછળ પ્રસન્ન શાંતિ મૂકતાં ગયાં.

## ૫૬

સ્વાતંત્ર્ય પહેલાંના વાયવ્ય સરહદના પ્રાંતમાં ગાંધીજી ગયા હતા. ત્યાં 'સરહદના ગાંધી'ના નામે જાણીતા, ખુદાઈ

ખિદમતગારોના પ્યારા નેતા, ખાન અબ્દુલ ગફ્ફારખાનના એ મહેમાન હતા.

રાતે ગાંધીજીને જ્યાં સૂવાનું હતું ત્યાં નજદીકમાં હથિયારબંધ સંત્રીઓ રાખવામાં આવ્યા હતા. આ કેવળ રક્ષણાત્મક પગલું હતું. ગાંધીજીનું ધ્યાન એ તરફ ગયું. એમણે ખાન અબ્દુલ ગફ્ફારખાનને પૂછ્યું : આ શું છે ?

'બાપુ, આ તો કોઈ ઘૂસી આવે તેને ભગાડી મૂકવા માટે છે.'

જવાબથી ગાંધીજીને સંતોષ ક્યાંથી વળે ? એમણે કહ્યું : મારે આ સંત્રીઓ ન જોઈએ.

ધીરેથી પણ દૃઢતાથી એ બોલ્યા. વધુ વાદવિવાદને અવકાશ જ ન હતો. સંત્રીઓ પાસેથી હથિયારો લઈ લેવામાં આવ્યાં. પછી જ એ સૂતા.

વાયુવેગે વીર પઠાણોના એ પ્રદેશમાં વાત ફરી વળી : જુઓ તો ! અજબ છે આ આદમી. ખુદામાં એને એવો ઇતબાર છે કે હથિયારની એને કશી ગરજ રહી નથી.

૫૭

૧૯૪૭ના ઉનાળામાં બિહારમાં કોમી દાવાનળ હોલવવા બાપુ ફરી રહ્યા હતા. ત્યાંથી દિલ્હી આવ્યા. એ દિવસોમાં એમનો ખોરાક ઓછો થઈ ગયો હતો.

એક સવારે મનુબહેને કેરીના રસનો પ્યાલો ભરીને જમતી વખતે આપ્યો. બાપુએ પૂછ્યું : પણ મને કહે, પહેલાં તપાસ કર કે આ કેરીની કિંમત શી ?

મનુબહેને માન્યું કે બાપુ વિનોદ કરે છે.

એ તો કાગળની નકલ કરવાના કામે વળગ્યાં.

થોડી વાર પછી જોયું તો બાપુએ રસ લીધો નહોતો એટલે લેવા કહ્યું.

બાપુ : હું તો સમજતો હતો કે તું કેરીની કિંમત પૂછીને જ આવશે. કેરી ભેટ આવી હોય તોપણ તેની કિંમત પૂછ્યા પછી જ તારે મને ખાવા આપવી જોઈએ. એ તો તેં ન કર્યું, પણ મેં તને પૂછ્યા પછી પણ જવાબ ન લાવી. કેરીના ફળનું એક નંગ દસ આનાનું છે એમ મારા સાંભળવામાં આવ્યું. તો એ ફળ ખાધા વગર હું જીવી શકું તેમ છું. આ રીતે ફળ લેવાથી મારા શરીરમાં લોહી વધતું નથી, પણ ઊલટાનું ઘટે છે. આવી અસહ્ય મોંઘવારીમાં અને વ્યથામાં તેં ચાર કેરીના રસનો મને ખાસ્સો ગ્લાસ ભરી આપ્યો. એટલે અઢી રૂપિયાનો પ્યાલો થયો. એ કયા મોઢે હું ખાઈ શકું ?

તેવામાં જ બાપુજીને પ્રણામ કરવા એકબે નિરાશ્રિત બહેનો પોતાનાં બાળકોને લઈને આવી. બાપુજીએ તરત બે જુદા જુદા વાડકામાં બંને બાળકોને રસ પીવા આપી દીધો. એમના હૃદયમાંથી હાશ નીકળી ગઈ. મનુબહેનને કહેવા લાગ્યા : ઈશ્વર મારી મદદે છે તેનો આ તાદશ દાખલો. પ્રભુએ આ બાળકોને મોકલી આપ્યાં અને તે પણ જેવાં બાળકોની હું ઇચ્છા રાખતો હતો તેવાં જ બાળકો આવ્યાં. કેવી ઈશ્વરની દયા છે તે તો તું જો !

## ૫૮

ગોળમેજી પરિષદમાં હાજરી આપવા બાપુ લંડન ગયેલા ત્યારે એક દિવસે રાજા પાંચમા જ્યૉર્જે સૌ સભ્યો માટે સાંજનો ભોજન-સમારંભ રાખ્યો હતો. હિંદી વજીર સર સૅમ્યુઅલ હોરને ગાંધીજીને નોતરવા અંગે ચિંતા હતી. એક તો એ કે રાજા આવા બળવાખોરને મળશે ? બીજું, મળે તોપણ ગાંધીજીનો વેશ સમારંભને યોગ્ય નહીં હોય. એમણે રાજા સાથે વાત કરી. રાજાએ પહેલાં તો વરાળ કાઢી : 'શું ? આ બળવાખોર ફકીરને મારા વફાદાર અધિકારીઓ

ઉપરના હલ્લાઓ પાછળની એની કામગીરી પછી મહેલમાં બોલાવું ?' થોડી વાર પછી એમણે ફરી વાર એ 'ખુલ્લાં ઢીંચણવાળા અને યોગ્ય લેબાસ વગરના નાનકડા માણસ' માટે અણગમો બતાવ્યો. પણ છેવટે નક્કી થયું કે લેબાસ અંગે કશી શરત મૂક્યા વગર ગાંધીજીને નિમંત્રણ આપવું.

સમારંભમાં યોગ્ય પળે ગાંધીજીને રાજા આગળ રજૂ કરવાનું કામ હિંદી વજીરે પોતાને હસ્તક રાખ્યું હતું. ગાંધીજીનાં ખાદીનાં ઊજળાં કપડાં એટલે એમને ટોળામાંથી ઓળખી કાઢવાનું મુશ્કેલ ન હતું. એમણે રાજાની સાથે ગાંધીજીને મેળવ્યા અને ઓળખાણ કરાવી. ક્ષણ કપરી હતી. ગાંધીજીની બંડખોરી ભૂલવી રાજાને માટે શક્ય ન હતી. ગયું આખું વરસ ગાંધીજીએ હિંદમાં પ્રચંડ સત્યાગ્રહ લડત ચલાવી હતી. પણ બંને એક વાર વાતે વળ્યા એટલે તો પછી એમનું ગાડું સરળ રીતે ચાલ્યું. રાજા સહૃદય માણસ હતા. અને ગાંધીજીની રીતભાતમાં કાંઈ પૂછવું ન પડે. પણ વચ્ચે એક વાર વાતચીત દરમ્યાન રાજાની નજર ગાંધીજીનાં ઘૂંટણ ઉપર ક્ષણવાર માટે ઠરી ત્યારે હિંદી વજીરની છાતીના થડકારા વધી ગયા.

વાતચીત પૂરી થવા આવી. પંચમ જ્યૉર્જ પોતાની જવાબદારીના ભાનવાળા રાજા હતા. વિદાય વખતે ગાંધીજીને એમણે ચેતવણી આપી : 'યાદ રાખજો, મિ. ગાંધી, મારા સામ્રાજ્ય ઉપર કોઈ આક્રમણ હું ચલાવી નહીં લઉં.'

હિંદી વજીરનો શ્વાસ અધ્ધર થઈ ગયો. હમણાં ખાંડાં ખખડશે કે શું ?

પણ ગાંધીજીની સુજનતાએ મામલો સુધારી લીધો. એમણે જવાબ આપ્યો : 'આપ નામદારની મહેમાનગીરી અનુભવ્યા પછી આપ નામદાર સાથે રાજકીય વિવાદમાં મારે ખેંચાવું ન જોઈએ.'

અને મિત્રતાના વાતાવરણમાં બંનેએ એકમેકની વિદાય લીધી.

હિંદી વજીર જોઈ જ રહ્યા : એક કેવા અતિ પ્રમાણિક રાજા, અને બીજા કેવા મહાન મુત્સદ્દી ! એ વિચારતા જ રહ્યા કે દુનિયાદારીથી તરીને ચાલનારાઓમાં કેવી તો ઉત્કૃષ્ટ દુન્યવી રીતભાત હોય છે.

## ૫૯

૧૯૩૧માં ગાંધીજી ગોળમેજી પરિષદમાં લંડન ગયેલા ત્યારે ત્યાં બ્રિટિશ મુત્સદ્દીઓને પિગળાવવાના એમના પ્રયત્નો કામ ન લાગ્યા. ચર્ચિલે તો મળવાની સુધ્ધાં ના પાડી. એ વખતે ‘સામ્રાજ્યના સૌથી શાણા પુરુષ’ લેખાતા જનરલ સ્મટ્સનો ગાંધીજીની પ્રત્યેનો સદ્ભાવ ઉત્તમ રીતે પ્રગટ થયો. ગાંધીજીને તેઓએ પોતાને ત્યાં ભાવપૂર્વક નોતર્યા. જનરલ સ્મટ્સ દક્ષિણ આફ્રિકાના શાસક હતા ત્યારે એમની સામે જ ગાંધીજીએ લડતો ચલાવેલી અને એમને હંફાવેલા અને એમના હાથે હિંદી કોમ માટે ન્યાય મેળવેલો. ગાંધીજીના પ્રખર વિરોધી સ્મટ્સ ગાંધીજીના પરમ પ્રશંસક અને મિત્ર બની ગયા હતા.

લંડનના પોતાના નિવાસમાં જનરલ સ્મટ્સ ગાંધીજીને એક કબાટ પાસે લઈ ગયા અને તેમને એક વસ્તુ બતાવીને પૂછ્યું : આ શું છે ? કાંઈ યાદ આવે છે ?

ગાંધીજી એ વસ્તુ તરફ જોઈ રહ્યા. ચંપલની જોડી હતી. પોતે છેલ્લી વાર દક્ષિણ આફ્રિકાની જેલમાં જનરલ સ્મટ્સના કેદી હતા ત્યારે પોતાને હાથે એ જોડ બનાવેલી અને એમને ભેટ મોકલેલી.

ગાંધીજીને દક્ષિણ આફ્રિકામાં જેલ મળી ત્યારે તેઓ બૅરિસ્ટર હોવા છતાં અને એમનો વર્તાવ અત્યંત વિવેકી હોવા છતાં એમની

પ્રત્યેનું સરકારનું વર્તન સારું ન હતું. શરૂઆતમાં જેલમાં એમને નાનકડી સાંકડી ખોલીમાં પૂરવામાં આવ્યા હતા. ઉપર ઊંચે એક જાળિયામાંથી થોડું અજવાળું આવે એ જ. બેસવાનું સ્ટૂલ પણ ન હતું. ઊભા રહીને તે વાંચતા. મજૂરીનાં કામો પણ બધાં ચુસ્ત નિયમપાલનથી કરતા. જેલમાંથી બીજે લઈ જાય ત્યારે હાથકડી પહેરાવે તે પણ સહી લેતા. પાયખાનાં અનુકૂળ ન હતાં. ખોરાકની તકલીફ હતી. ગાંધીજી સાથી હિંદી કેદીઓથી વધારે સગવડ લેવા ઇચ્છતા પણ નહીં. ધીમે ધીમે શક્ય તેટલા ફેરફાર તેમણે કરાવ્યા પણ ખરા. પણ આરંભમાં તો એમને પણ થોડી વાર જેલ વસમી લાગી. પણ એ ભાવ ખંખેરી નાખ્યો. જનરલ સ્મટ્સ આ રીતે મને નમાવવા માંગતા હોય તો તેમ બનનાર નથી એવો અવાજ પણ એમના અંતરમાંથી ઊઠ્યો.

તેઓ ૧૯૧૪ સુધીમાં જેલમાં ઘણી વાર જઈ આવ્યા હતા. છેલ્લી વાર જેલમાં હતા ત્યારે એમણે પોતાના હાથે ચંપલની એક જોડ બનાવી અને છૂટ્યા પછી પોતાના 'વિરોધી' જનરલ સ્મટ્સને મિસ સોન્યા શ્લેશિન દ્વારા ભેટ તરીકે પહોંચાડી.

જનરલ સ્મટ્સ પછીથી લખે છે કે એ જોડી મેં કેટલાય ઉનાળામાં પહેરી છે, જોકે મને દરેક વખતે એમ લાગ્યા કરતું કે એવડા મોટા માણસનાં પગરખાંમાં પગ ઘાલવાનું મારું ગજું ન ગણાય.

## ૬૦

બિહારમાં એક માતાએ લડતમાં પોતાનો દીકરો ગુમાવ્યો હતો. બાપુ તેની પાસે ગયા, પગે લાગ્યા અને હાથ જોડીને સામે ઊભા રહ્યા. કહેવા લાગ્યા : મા, આ તમારો દીકરો જ તમારી સામે ઊભો છે. એને માથે હાથ મૂકો અને આશીર્વાદ આપો કે દેશના

I. I. A. S. LIBRARY

Acc. No.

This book was issued from the library on the date last stamped. It is due back within one month of its date of issue, if not recalled earlier.

CP&SHPS—519.I.I.A.S./2004-25-6-2004-20000.

મહાત્મા ગાંધી પાસે બંગાળમાં કોઈએ સંદેશ માગ્યો ત્યારે એમણે બંગાળીમાં ચાર શબ્દો કહ્યા : 'આમાર જીવનઈ આમાર વાણી.' – મારું જીવન એ જ મારો સંદેશો છે. એટલે કે એઓ એમ ઇચ્છે છે કે એમના શબ્દો કરતાં એમનાં કાર્યોમાં, એમના આચરણમાં, એમનો જીવનસંદેશ શોધવામાં આવે. એમના જીવનના છૂટક છૂટક પ્રસંગો પર ધ્યાન કેન્દ્રિત કરવું અને એ પ્રત્યેકમાં પ્રગટ થતી એમના જીવનની કોઈ ને કોઈ વિભૂતિનો પરિચય કરવો, એ આશયથી 'ગાંધીકથા'ના આ પ્રસંગો રજૂ કર્યા છે. એક એક પ્રસંગ એ કપૂરનો દીવો છે. એ પૂરો થાય ત્યાં સુધીમાં ગાંધીજીએ જીવનભર ક્ષણે ક્ષણે કંડારીને નિર્મેલી એમની ભવ્યસુંદર જીવનઆકૃતિનું એક વિશિષ્ટ દર્શન કરાવતો જાય તો બસ.

Library IIAS, Shimla
GJ 891.474 G 151 J
00130414

SABARMATI ASHRAM
000712 Ahmedabad
GANDHI KATHA GUJ.
MRP : Rs. 10

કિ. રૂ.૧૦/-

ISBN 81-7229-268-6